तत्सत्परमात्मने नमः

"પ્રાચીન કવિ 'ધીરાભક્ત' કૃત."

श्रीसुरतास्वयंवर.

વિવેચક

यति मुकुन्दाश्रमजी

સવૈયા.

પૂર્વ સંબંધ વિચાર કરી જન સદ્ય તજે ભ્રમની ક્રૂરતાને
પિંડ બ્રહ્માંડની પાર કરી મન અદ્ય ભજે બ્રહ્મની નૂરતાને;
સાધનસંપન્ન પૂર્ણ થઈ જીવ દૂર કરી દિલ આતુરતાને,
પ્રેમ ધરી જગજીવન સાથ વરાવવી આશ થઈ સુરતાને.

યોગ્યાધિકારીને ભજનાર્થ ભેટ આપવા,

પ્રસિદ્ધ કર્ત્તા

मुमुक्षु मंडळ तरफथी.

યતિ મુકુંદાશ્રમ-ખંભાત.

आवृत्ति १ ली. प्रत १०००

संवत १९६९ सन १९१३.

મૂલ્યા મૂલ્ય. શ્રી.

શિખરિણી.

મળે ના નિશાની પય તપિત લોહાપર પડે,
દિસે મુક્તા જેવું જળ કમળકેરે દળ અડે;
થશે મોતી સાચું ઉદધિ સ્થિત શુક્તિ મુખ પડે,
બને ગુણો; **ઉંચા, અધમ, મધ્યમ,** સોબત વડે.

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં.
શા. સાંકલચંદ હરિલાલે છાપ્યું.

"પ્રાચીન કવિ 'ધીરાભક્ત' કૃત."

श्रीसुरतास्वयंवर.

વિવેચક

यति मुकुन्दाश्रमजी.

સવૈયા.

પૂર્વ સંબંધ વિચાર કરી જન સદ્ય તજો ભ્રમની દૂરતાને,
પિંડ બ્રહ્માંડની પાર હરી મન અદ્ય ભજો બ્રહ્મની નૂરતાને;
સાધનસંપન્ન પૂર્ણ થઇ જીવ દૂર કરી દિલ આતુરતાને,
પ્રેમ ધરી જગજીવન સાથ વરાવવી વ્હાલ થકી સુરતાને.

યોગ્યાધિકારીને ભજનાર્થ ભેટ આપવા,
પ્રસિદ્ધ કર્ત્તા

मुमुक्षु मंडळ तरफथी.

યતિ મુકુંદાશ્રમ–ખંભાત

आवृत्ति १ ली. प्रत १०००
संवत १९६९ सन १९१३.

મૂલ્યા મૂલ્ય. ફ્રી.

ॐ तत्सत्परमात्मनेनमः

निवेदन.

असज्जनःसज्जनसंगिसंगात्करोति दुःसाध्यमपीहसाध्यम्
पुष्पाश्रयाच्छंभुशिरोऽधिरुढा पिपीलिकाचुम्बतिचन्द्रबिम्बम्

અર્થ—અસજ્જન (અલ્પ પ્રાણી) સજ્જનના સંગિના સંગથી દુઃસાધ્ય (મેળવવું કઠિણ) ને પણ સાધ્ય કરે છે; પુષ્પ ને આશ્રયે રહેલ કીડી **મહાદેવ**ના શિર પર ચડી ચંદ્રબિંબને ચુંબે છે ! ! ! " **ખરે ! સત્સંગનો પ્રભાવ અલૌકિક છે** " શાસ્ત્ર દ્વારાશ્રવણ કર્યા છતાં, અનુભવથી તે યથાર્થ મનાય છે. **સત્સંગ સદા વિજયવરદ હો.** અસ્તુ.

ખંભાતના પરામાં. જગન્નાથજીના મંદિરના મેડાઉપર, **સ્વામીગોરીશંકરાનંદગિરિ** હાલમાં નિવસે છે. **कलौकेशवकीर्तनात्** " કલિયુગમાં કેશવના કીર્તનથી " એ **વ્યાસ** વચનાવલંબનથી, પરોપકારી બુદ્ધિથી જનહિતાર્થ, તેમણે એક ભજન મંડળી " (મુમુક્ષુ મંડળ) ઉભા કરી છે. તેમાં અન્ય પદ્યોની સાથે " સુરતાનો વિવાહ " એ ત્રણ વખત ગવાતાં, મંડળીનું વલણ તેતરફ સારી રીતે થયું. સાથે એ પણ વિચાર આવ્યો કે, લગ્ન પ્રસંગોમાં અન્ય બીભત્સ (ખરાબ) શબ્દોનાં ગીતો કરતાં, આવાંજ ગીતો ગવાય તો વધારે ઉત્તમ. સર્વનો એકમત થતાં, મુખપાઠ કરવાનો ઠરાવ થયો. કોઇ સજ્જન તરફથી સુચના મળી કે, અર્થ ને સમજણ પણ સાથેજ મળે તો ઉત્તમોત્તમ. મંડળીના વિચાર સ્વામીજીને જણાવતાં પ્રસન્નતાપૂર્વક ધ્યાનમાં લઈ, શાર્ણેશ્વરમહાદેવ-ચંદન-

લક્ષ્મીપાઠશાળામાં વસતા, **યતિ મુકુન્દાશ્રમજી**, જેમના તરફ સ્વામીશ્રીનો પૂજ્યભાવ છે, તેમની પાસે વિવેચન તૈયાર કરાવ્યું.

સ્વામીગૌરીશંકરાનંદજી નિષ્કંચન રહે છે, તથાપિ જિજ્ઞાસુઓના મનસંતોષ માટે ગુરૂપૂર્ણીમાની અલ્પ સેવા તેમણે અંગીકાર કરી, તે વડે પુસ્તક છપાવવાનો વિચાર કર્યો, પણ ખર્ચ વધારે આવવાનો સંભવ જણાયો. ઇશ્વિરકૃપાથી, ગુરૂને પરમાત્મસ્વરૂપ સમજનાર, " **બાઈ દીવાળીએ** " પોતાના અવસાન સમયે, **યતિ મુકુન્દાશ્રમજીને** રૂ. ૨૫) પચીશ સદ્‌ગતિ નિમિત્ત આપ્યા હતા. સ્વામીશ્રીએ તે આમાં ઉમેરી, પરોપકારી કાર્યનો સરલ પથ કરી આપ્યો. એટલે અમારી ધારણા પાર પડી. પરમાત્મા તે બાઇના આત્માને શાન્તિ આપો, એવી આ મંડળીની તેમના તરફ સવિનય પ્રાર્થના છે. અસ્તુ. નીતિથી પ્રયાસપૂર્વક પ્રાપ્ત કરેલ પૈસા પણ પારમાર્થીક પથમાં સહાય કરે છે તેનું આ દૃષ્ટાંત છે. દેહપોષણ તો પશુ પણ કરે છે. ખરી કમાઈ તો આનુંજ નામ.

અમારા અધિકારપર દૃષ્ટિ રાખી. કૃપાળુ **યતિશ્રીએ** સરલભાષામાં વિવેચન કરી આપી, અમોને ઉપકૃત કર્યા છે. શબ્દપાંડિત્યમાં મોહ પામનારા વિદ્વાનોને કદિ વિવેચનમાં જાડચ ભાસશે. તેમાં કારણ, અમારો અધિકાર છે. એટલે તે બાબતમાં સ્વામીજી તરફ ભ્રમ કરવાનું કારણ નથી.

ઉભય સ્વામીશ્રી વસ્તુતઃ પરમાત્માભિન્ન એકનીજ કૃપાથી પ્રાપ્ત થયેલ **જ્ઞાનપ્રસાદ** સર્વ જિજ્ઞાસુઓને પવિત્ર થવા પ્રકાશમાં આણી સર્વને આત્મભાવથી અર્પણ કરીએ છીએ અસ્તુ. ૐ **શાન્તિઃ શાન્તિઃ**

સં. ૧૯૬૯ શ્રાવણમાસ.
જન્માષ્ટમી.
જગન્નાથનું મંદિર **ખંભાત.**

નિવેદક.
મુમુક્ષુમંડળ.

नामस्मरणम्.

हरे राम हरे राम राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥

ધૂન.

જયશંભો ! જય શંભો ! !
મહાદેવ. શિવ, શંકર, શંભુ. ઉમાકાન્ત, હર, ત્રિપુરારી;
મૃત્યુંજય, મદનાંતક, શૂલિન્, ગંગાધર, મૃડ, મદનારી.

હરે મુરારે ગોવિંદા,	રાધે કૃષ્ણ ગોવિંદા.
ગોવર્ધન તોળ્યો ગોવિંદા.	રાધે.
રાવણ રોળ્યો ગોવિંદા,	રાધે.
પ્રહ્લાદ ઉગાર્યો ગોવિંદા,	રાધે.
કંસને માર્યો ગોવિંદા,	રાધે.
ગજ બંધ છોડાવ્યો ગોવિંદા,	રાધે.
અજામેળ તાર્યો ગોવિંદા,	રાધે.
હરિભજન બટી તલવાર.	રાધે ગોવિંદા.
પ્રભુ ભજીને ઉતરો પાર.	રાધે.

ગોપી જનવલ્લભ ગિરિધારી, શ્રીકૃષ્ણચરણની બલિહારી.

ॐ शान्तिः शान्तिः शान्तिः

तत्सत्परमात्मनेनमः

श्रीसुरता स्वयंवर.

मंगलम्.

एकोवशी सर्व भूतान्तरात्मा
एकं रुपं बहुधा यः करोति
तमात्मस्थं येऽनु पश्यन्ति धीरा-
स्तेषां सुखं शाश्वतन्नेतरेषाम् "कठोपनिषद"

અર્થ—વશી, એક, સર્વભૂતાન્તરાત્મા, જે એક રૂપને બહુધા કરે છે, આત્મસ્થને જે ધીર પુરૂષો જુવે છે તેમને શાશ્વત સુખ થાય છે. અન્યને નહિ.

उपक्रम.

સંસારમાં વસતાં સમગ્ર પ્રાણીઓ જે સુખને માટે ફાંફાં મારે છે, તેને પરમ હિતેચ્છુ **શ્રુતિભગવતી** સૂચન કરે છે, કે "**સર્વ ભૂતાન્તરાત્મા બુદ્ધિમાં હૃદયમાં—સ્થિત છે**" તેને જોનાર શાશ્વત સુખ મેળવે છે. રડતા બાળકને શાન્ત પાડવા ચતુર માતા અનેક પ્રકારની યુક્તિઓ યોજે છે, તેમ આપણા પ્રાચીન પૂજ્ય મુનિ-

ઓએ પણ જગતમાં ભટકતા મનને સ્થિર કરવા, ભિન્ન ભિન્ન અનંત ઉપાયો રચેલા છે. પ્રકૃતિના ભેદોને લઈ તેમાંનો ગમે તે ઇલાજ રૂચિકર લાગતાં તેનું અવલંબન કરી, તદ્વત અનુસરતાં, ભટકતું મન સ્થિર થઇ, સુખ પ્રાપ્તિ કરે છે. તે લક્ષમાં રાખી **શ્રીપરમાત્મ કૃપાથી** પ્રાપ્ત થયેલ બુદ્ધિ પ્રમાણે **ધીરાકવિના** બનાવેલ " **સુરતાં વિવોહને** " શોધી તે પર કેટલુંક વિવેચન કરી આત્માનું સંધાન કરવાની યુક્તિ યોજી છે. તો મોક્ષેચ્છુઓ તે દ્વારા પોતાના આત્માનું દર્શન કરી અખંડ સુખ ભોગવવા ભાગ્યશાળી થઈ, સંશોધકના પ્રયાસને સફળ કરો અસ્તુ.

કવિ " વસ્તુનિર્દેશ મંગળ"ની સાથેજ ગ્રંથના અનુબંધનું પણ સુચન કરી દેછે. માટે તેના વિવેચનમાંજ અનુબંધ લખવાના ધારી પ્રથમ તેનો ઉલ્લેખ કર્યો નથી.

ધન્ય ધન્ય આજરે આત્મારામનું રાજરે (૨)
કઇકનાં તે કારજ સરીગયાંરે. ૧
તુટલી સગાઇરે કરી લ્યો મારા ભાઇરે. (૨)
આજના વવાયાં[1] તમે કયાં જશોરે. ૨

વિવેચન—સંપૂર્ણ જગત્ આત્માની સત્તાથીજ પ્રકાશે છે. એટલે સર્વત્ર એનુંજ રાજ છે. જે જે પુરૂષોએ તેની રાજ્ય સત્તામાં પોતાનું અહંમમત્વ ત્યજ્યું છે. તે સર્વનાં કામ થઇ ગયાં છે. તેઓ જીવન્મુક્ત–જ્ઞાનસ્વરૂપ હોઇ કૃતકૃત્ય થયેલ હોવાથી, તેને કાંઈ બાકી રહેતું નથી. તેનો સર્વત્ર આત્માજ જુએ છે. **ब्रह्म दृष्टिरुत्कर्षात्**–અર્થ–બ્રહ્મ–આત્મા–સર્વથી શ્રેષ્ટ હોવાથી તેનેજ જોવું એ ઉત્તમ છે. કવિ પણ તેજ કહે છે. પરંતુ સર્વ પ્રાણી સર્વત્રવ્યાપક તત્ત્વને જોઇ

---

૧. છેતરાયલાં.

શકતાં નથી " **સર્વત્ર પરમાત્મા છે.** " એમ એકાએક સર્વથી માની શકાતું નથી. તેમાં અધિકારની અપેક્ષા છે. તે અધિકાર તત્ત્વ-દર્શનનો હોવાથી વેદાન્તના અન્ય ગ્રંથોમાં અધિકારીના જે લક્ષણો કહેલામાં આવ્યાં છે, તેજ કવિ અત્ર જુદા સ્વરૂપે કહે છે.

ઉથલો.

સુરતીબાઈ તો વિવાહ કરવા, જોવાચાલી ઠામરે,
પિંડ બ્રહ્માંડ વર ખોળિયો, સાથે બાપ વિવેક નામરે.

વિવેચન—તત્ત્વજ્ઞાનમાં મૂળ સાધન વિવેક છે, અન્ય સર્વ સાધનોનો આધાર છે. વિવેકજન્ય દૃષ્ટિજ આત્માસુધી પહોંચી શકે છે માટે તે દૃષ્ટિ સુરતાનો પિતા છે. તેને સાથે રાખી પિંડમાં જે ચૈતન્ય છે તેજ બ્રહ્માંડમાં છે એ નિશ્ચયરૂપ પતિને શોધે છે **नित्यानित्यवस्तुविवेकः** પરમાત્મા નિત્ય છે ને જગત્ અનિત્ય છે, એવું જે ભાન તેજ **વિવેક**. તે જાગૃત થતાં નશ્વર પદાર્થ પરથી મન ઉપરામ થઇ પરમાત્મા સાથે અનુસંધાન પામવા લાગે છે તે અભ્યાસરૂપ દૃઢ થતાં વૈરાગ ઉપજે છે.

રાગ ઉપરનો.

જોયા જોયા જોયારે, સપ્ત પાતાળ કે
અવનિનો માળરે, ત્યાં પણ તાલ આવ્યો નહિ રે
ત્યાંથી હું તો ચાલીરે, કરીને વિચાર રે
ગઇ ઇંડ પારરે, અલખ પુરૂષ પાસે આવીયાંરે.
મનની કીધી મોરરે, ચિત્ત નાળીએરરે
વિવાહ કરીને વેગે આવીયાંરે.

વિવેચન—વિવેક યુક્ત દૃષ્ટિ **અતળ**, **વિતળ**, **સુતળ**, **તલા-**

તળ, **મહાતળ**. **રસાતળ**, ને **પાતાળ** એ સાતે પાતાળને જુએ છે. તેમજ પૃથ્વીનો માળ તથા ઉપર પણ બ્રહ્મલોકના ભોગપર્યંત પહોંચે છે, પરંતુ સર્વ નાશવંત સમજાતાં કોઇ સાથે જોડાવા તેની ઇચ્છા થતી નથી,એટલે બ્રહ્માના લોક સુધી પણ લગ્નનો તાલ બેસતો નથી. જીવાત્મા પરમાત્માનો અંશ હોવાથી બીજા કોઇ સ્થળમાં ટકતો નથી. તેને પામીનેજ વિરમે છે. તેની પ્રાપ્તિમાં સંસાર પ્રતિબંધક છે, વિરાગ તેનો નાશક છે તેનોજ અત્રે બોધ કરવામાં આવેલ છે. **इहामुत्र फलभोग त्याग-विरागः** આ લોકથી માંડી બ્રહ્મલોક સુધીના ફલ ભોગનો ત્યાગએ વિરાગ. તેનો અભ્યાસ સિદ્ધ થતાં સાધક લૈકિક કે અલૈકિક વિષયમાં બદ્ધ ન રહેતાં આગળ વધે છે. વિરાગ પછી ત્રીજું સાધન ષટસંપત્તિ છે. દૃષ્યમાં ન અટકતાં દૃષ્ટિને પાછી વાળવી એ **દમ**. વિચાર કરી મનને દોડવા ન દેવું એ **શમ**. વેદને ગુરૂના વચનમાં વિશ્વાસ રાખી અલખ પુરૂષમાં અનુસંધાન પામવા મથવું એ **શ્રદ્ધા**. ચિત્ત બહાર જાય તેને સમજાવી ઇંડ (બ્રહ્માંડ)થી પાછું વાળવું એ **સમાધાન**. વિષયોમાં ઉદાસીનતા એ **ઉપરામ**. તેમ કરતાં જે સુખદુઃખાદિદ્વન્દ્વ આવે તેને સહન કરવાં એ **તિતિક્ષા**. એ ષટસંપત્તિ બીજી કડીથી બતાવી છે. ત્રીજી કડીથી મુમુક્ષુતા કહે છે. મનનું લક્ષને ચિત્ત આત્માનુંજ ચિંતન કરવા લાગે, તથા પરમાત્માનેજ પોતાનો માલીક સમજી ભજવા લાગે, એજ સુરતાનો અલખ–અલક્ષ–પુરૂષ સાથે વિવાહ થયો. **જિજ્ઞાસુ**ને મોક્ષ સિવાય અન્ય કાંઇ ઇચ્છા હોતી નથી. સાધનચતુષ્ટાયસંપન્ પુરૂષજ મોક્ષનો **અધિકારી** છે.

ઉથલો.

સુરતી બાઇનો વિવાહ કરતાં, ક્ષણું ન લાગી વારરે,
કર્મ વિના કેમ પામીએ, સુરતીનું ભાગ્ય અપારરે.

વિવેચન—સાધનો સિદ્ધ થવામાં જેટલો વખત લાગે તેજ વિલંબ છે. સાધનો સિદ્ધ થયા પછી જ્ઞાન થવામાં બીલકુલ વિલંબ લાગતો નથી. પરંતુ અનંત જન્મનાં પુણ્ય વિના મુક્તિ મળવી કઠિન છે. **જગદ્‌ગુરૂ શંકરાચાર્ય** પણ લખે છે કે. **मुक्तिर्नोशतजन्मकोटिसुकृतैः पुण्यैर्विनालभ्यते** તેથીજ કવિ સુરતાના ભાગ્યને વખાણે છે.

રાગ ફેર.

કંકોતરી લખાવોરે, સહુ દેવતાને કહાવોરે,
વિવાહે સરવે વહેલા આવજો રે. ૧
બ્રહ્માજીતો આવ્યારે, સહુકોને મન ભાવ્યા રે,
આનંદ મંગલ વરતાવિયાં રે. ૨

વિવેચન—સ્વરૂપાનુંસંધાન થતાંજ અંતઃકરણનું આવરણ ઉડવા લાગે છે, અને શુદ્ધ સત્ત્વગુણનો આવિર્ભાવ થવા લાગે છે, તેથી ચિત્ત પ્રસન્ન થાય છે. લગ્નનો આરંભ કરનાર બીજાં કામોને ગૌણ રાખી વિવાહના કામ કાળજીથી વધારે કરે છે. તેમ સ્વરૂપાભ્યાસી પણ પતંજલીના વચન પ્રમાણે **सतुदीर्घकालनैरंतर्यसत्कारसेवितोदृढभूमिः** દીર્ઘકાળ પર્યંત નિરંતર સત્કારપૂર્વક સેવી, દૃઢ ભૂમિ થાય છે. એટલે સંસારીકાર્ય ગૌણ કરી સ્વરૂપાભ્યાસમાં વધે છે. તે વખત સત્ત્વના પ્રભાવથી સાત્વિક પ્રકૃતિ બંધાવા લાગતાં, સર્વ દેવતાઓનો આવિર્ભાવ થાય છે. સર્વત્ર શુભ જોતાં અંતમાં શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ સદ્‌ગુરૂરૂપ બ્રહ્માજી પણ આવે છે તેનાં દર્શનથી સાધકને આનંદ થાય છે. શુદ્ધ સત્ત્વગુણનાં લક્ષણો બતાવતાં શ્રીમત્ શંકરાચાર્ય કહે છે કે—

विशुद्ध सत्वस्य गुणाः प्रसादः

स्वात्मानुभूतिः परमाप्रशान्तिः
तृप्तिः प्रहर्षः परमात्म निष्ठा
ययासदानन्द रसं समृच्छति

અર્થ:—આત્માનો પ્રકાશ, પરમશાન્તિ, પૂર્ણતૃપ્તિ, વિશેષ હર્ષ, પરમાત્મનિષ્ઠા, એ સર્વ વિશુદ્ધ સત્વગુણનો પ્રસાદ છે. તેથી આનંદ વર્તે છે, શ્રીસદ્‌ગુરૂનાં દર્શનથીજ ભ્રાન્તિ નષ્ટ થાય છે. જ્ઞાનીઓ જનહિતાર્થે ફરતા હોવાથી, જ્યાં ત્યાં જ્ઞાનનોજ પ્રવાહ વહેવરાવે છે. રાગ—ફેર.

ત્યાં તો આપે બ્રહ્માજી આવ્યારે, ઘણા જ્ઞાનના ગોળ વેચાયારે,
જ્યારે અજ્ઞાન અંધારૂં ભાગેરે, ત્યારે આત્મારામ માંહી જાગેરે.

વિવેચન—સદ્‌ગુરૂના સંગથીજ સાત્વિકભાવ બંધાતાં બ્રહ્મભાવના બંધાવા લાગે છે. શ્રવણથી મનન થઈ નિદિધ્યાસન કરવાની યુક્તિ હાથમાં આવે છે. તે દ્વારા તત્પદ ત્વંપદનું શોધન કરતાં અજ્ઞાન અંધારૂં દૂર થઈ, આત્મજાગ્રતિ થવા લાગે છે. સંસારનું અનિત્યત્વ સમજાતાં તેમાં મન લાગતું નથી. તેના મનમાં તો એજ વિચાર આવે છે કે.

कोऽहं कथमिदंजातं कोवैकर्ताऽस्यविद्यते ।
उपादानं किमस्तीह विचारः सोऽयमीदृशः ॥

અર્થ—હું કોણ ? આ સંસાર શી રીતે ઉત્પન્ન થયો ? આ જગતનો કર્તા કોણ ? સંસારનું ઉપાદાન કારણ શું ? તે વિચાર છે. તેની વૃદ્ધિ થતાં પરોક્ષ જ્ઞાન થાય છે. એટલે પછી બીજી બાબતો તેને રૂચતી નથી. તેને તો આત્માનુંજ કથન ચિંતન રૂચેછે. તેવા પુરૂષની વૃત્તિ બુદ્ધિને કહે છે.

રાગ ધોળ.

માડી મને આદિ પુરૂષ પરણાવ, અવર વરને નહિ વરૂં,
વરૂં તો વિશ્વના સ્વામિની સાથ. અવર. ટેક.
અવર પુરૂષ અવની વિષે, મારી નજરે ન આવે કોઈ,
મારે મનતો વશી રહ્યારે, શ્રીમન્નારાયણ સ્વામિ સોઇ. અવર. ૧
હરિવર સાથે વહાલ વાધ્યું, મને બીજી ન ગમે વાત રે,
આ જુગમાં હરિવર વિનારે, મારે બીજા સૌ ભ્રાત ને તાત.અવર. ૨
બુદ્ધિ મારી માવડી, વિવેક પિતા ગુણગ્રામરે,
સગાં સહોદર સહુ શોભતાં રે, મારૂં સુરતા કુંવરી છે નામ.અવર. ૩
સાચા સગા મારા સદ્‌ગુરૂ, જેણે કરી વિવાહની વાતરે,
સગાઈ કીધી શોભતીરે, દાસ ધીરાના સ્વામિની સાથ. અવર. ૪

વિવેચન. આત્માનુરાગી વૃતિઓ કશાનું અવલંબન કરતી નથી. તે તો મૂળવસ્તુને જ જાણવા ઇચ્છે છે. કેમકે તેને સમજાઈ ગયું હોય છે કે,

निर्विकारो निराकारो निरवद्योऽह मव्ययः ।
नाहं देहोह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥

હું નિર્વિકાર, નિરાકાર, નિરવદ્ય, ને અવ્યય છું, નાશવંત દેહ હું નથી. આવા વિચારને વિદ્વાનો તત્ત્વજ્ઞાન કહે છે, તે વિના બીજો રસ્તોજ નથી. શ્રુતિ પણ કહે છે કે, " **नान्यःपन्थाविद्यते ऽयनाय** " તેથીજ સુરતા કહે છે કે મને આદિપુરૂષ જે સર્વ જગતનું અધિષ્ટાન છે તેનેજ પરણાવ, બીજાને હું વરીશ નહિ. કેમકે અન્ય સર્વે નાશવંત છે. નિશ્ચયાત્મક બુદ્ધિની વૃત્તિ આત્માનેજ પુરૂષ માને છે. તેથી તે સિવાય માયિક કાર્યને સ્વીકારતીજ નથી.

ગુરૂ અને વેદવચન પર વિશ્વાસ રાખી સર્વત્ર આત્માજ જુએ છે, એટલે બીજાને તે વરતીજ નથી. ઈશ્વરની સાથે દૃઢ અનુસંધાન થઈ જતાં અન્ય સર્વ આત્માનું વિવર્ત્ત ને માયાનું પરિણામ રૂપ હોવાથી, ભ્રાત ને તાત રૂપ છે. બુદ્ધિ જેની મા છે, વિવેક જેનો તાત છે, તેનીજ પુત્રી સુરતા હોઇ શકે, નિશ્ચયાત્મક બુદ્ધિમાં જાગૃત થયેલ વિવેકવૃત્તિજ સ્વરૂપાનુંસંધાન પામે છે, તેનુંજ નામ સુરતા (લક્ષ) છે. અંતમાં કહે છે કે **શ્રીસદ્ગુરુ** મારા સાચા સંબંધી છે. અત્રે કદાચ શંકા થાય કે સુરતાની દૃષ્ટિમાં ઈશ્વર સિવાય બીજો કોઈ પુરૂષ ન-હોતો, ત્યારે ગુરૂ ક્યાંથી આવ્યા ? તો તેનું સમાધાન એ છે કે આમ પુરૂષની એવી આજ્ઞા છે કે.

यावदायुस्त्रयोवंद्या वेदांतोगुरुरीश्वरः ।
आदौ ज्ञान प्रसिद्ध्यर्थंकृतघ्नत्वापनुत्तये ॥

જ્યાં સુધી દેહ રહે; ત્યાં સુધી **વેદાન્તશાસ્ત્ર**, તેના ઉપદેશક **સદ્ગુરૂ** અને **ઇશ્વર**, એ ત્રણે વંદન કરવાને યોગ્ય છે. તેમાં પ્રથમ જ્ઞાન થવા સારૂં વેદાન્તનું શ્રવણ તથા ગુરૂને ઈશ્વરનું સેવન કર્તવ્ય છે. જ્ઞાન થયા પછી જેનાથી જ્ઞાન થયું એવાં જે **વેદાન્તશાસ્ત્ર**, **ગુરૂ**, અને **ઈશ્વર**, તેઓનું સેવન ન કરે તો કૃતઘ્ન થાય છે. માટે શરીર રહે ત્યાંસુધી તેમનું સેવન કરવું. તેથી સુરતા અત્રે પોતાના ગુરૂને યાદ કરે છે, તે યોગ્ય છે. તેનો સંબંધજ સાચો છે. વિચારશીલો એ તો ગોવિંદ કરતાં ગુરૂને અધિક ગણેલ છે. **પ્રીતમદાસ** કહે છે કે "ગોવિંદના સરજ્યા પડ્યા જીવ જાળ, ગુરૂ તેની મુક્તિ કરે તત્કાળ" તેથી પણ ગુરૂને યાદ કરવા એ યોગ્યજ છે. તેજ જીવાત્માને પરમાત્મા સાથે સંબંધ કરાવી, બ્રહ્મરૂપ બનાવે છે. માટેજ **गुरूर्देवपरंब्रह्म** ગુરૂ

એજ પરંબ્રહ્મ છે, તેમ શ્રુતિપણ તેનુંજ શરણ લેવાની આજ્ઞા કરે છે કે.

तद्विज्ञानार्थं सगुरु मेवाभिगच्छेत् ।
समित्पाणिः श्रोत्रियंब्रह्मनिष्ठम् ॥

તેના વિજ્ઞાન માટે સમિત્પાણી (હાથમાં ભેટલઇ) થઇ, શ્રોત્રિયને બ્રહ્મનિષ્ટ સદ્ગુરૂને શરણે જવું. માટેજ સુરતા ગુરૂનો સંબંધ બતાવી અંતમાં કહે છે કે તેમણેજ મારો સંબંધ ધીરાના સ્વામિ (પરમાત્મા) સાથે જોડયો છે.

રાગ.

ધર્માદિ ચાર થાંભલી દેહ પાક પીપલપાનરે,
નાડાં તો નીરમોહનાં તે થંભે બાંધ્યાં તાણી-
મંડપની શોભા શીરે વખાણીએ. ૧
મંડપનો મોટોરે આરંભ માંડીઓ,
ગાડયા[1] ચાર જ્ઞાન દીપકના સ્થંભ. મંડપની. ૨
મંડપતો નભ વસુધાનો ધાર્યોરે,
અઢાર ભાર તોરણીયાની હારો. મંડપની. ૩
મંડપમાં તો નવ લાખ દીવાની હારોરે,
મંડપમાં રવિ શશી દીવા દારો. મંડપની. ૪
મંડપમાં તો ધીરજ ઢોલો વાગેરે,
મંડપમાં તો અનહદ નોબત ગાજે. મંડપની. ૫
મંડપમાં નારદ વેણા વાયેરે,
બ્રહ્માજી વેદ ભણતાં જાયેરે;
ત્યાં તો દાસ ધીરાનું કારજ થાયે, મંડપની. ૬

---

૧ ખોડયા—દાટયા.

વિવેચન—પરમાત્માનું અનન્ય ભાવથી ચિંતન કરનાર વૃત્તિ અન્ય કશાની પણ ચિન્તા કરતી નથી. ત્યાંથીજ લગ્નની તૈયારી થાય છે, લગ્ન કરવું (ઇશ્વર સાથે મળી જવું.) તે માટે પ્રથમ મંડપ બાંધી માણેકસ્થંભ રોપવામાં આવે છે. તે મુહૂર્ત થઇ ગયા પછી તે ઘરમાં શોકની વાત કોઈ કરતું નથી. તેમજ હમેશાં જમવામાં પણ મીષ્ટાન્ન કરે છે. તદ્વત્ અત્રે પણ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર થાંભલી સાથે દેહના પ્રારબ્ધ રૂપ પિપલાનું પાન અને નિર્મોહનાં નાડાં બાંધી, સ્થંભ દાટયો. અર્થાત્ દેહના પ્રારબ્ધાનુંસાર અર્થાદિની પ્રાપ્તિમાં સંતોષ માની, દશ્યનો મોહ ત્યજી, સ્વરૂપમાં દૃઢ રહેવું એ સ્થંભ છે. તેમ થતાં તેને કશાનો પણ શોક થતો નથી. કારણ શ્રુતિ કહે છે કે **तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः** જે સર્વત્ર એકપણું જુએ છે તેને શોક ને મોહ શો ? તેમજ તે હમેશાં તત્ત્વજ ભજે છે. એ સિવાય માયિક વાત તેને ગમતીજ નથી એ જ્ઞાન મંડપની શોભા ન વર્ણવી શકાય તેવી છે.

મંડપને ચાર સ્થંભ હોય છે તેમ આ મંડપને પણ સત્વ-પ્રકાશ-જ્ઞાનમય અંતઃકરણચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર) થી, આત્મનિશ્ચય એટલે મનન, નિશ્ચય, ચિંતવન ને અભિમાન પણ આત્માનુંજ, એ ચાર સ્તંભ છે, તેનો વિસ્તાર આકાશ ને પૃથ્વી જેવડો કર્યો. એટલે જે તત્ત્વ પિંડમાં છે તેજ બ્રહ્માંડમાં છે, પિંડ બ્રહ્માંડનું ઐક્ય સમજ્યા સિવાય જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના આત્મા ઓળખાતો નથી, માટે મંડપના એટલા વિસ્તારની અગત્ય છે. તેને અઢાર ભાર વનસ્પતિનાં તોરણો બાંધ્યાં છે. નવલક્ષ તારા રૂપ તેમાં દીવા મુકેલા છે. સૂર્યને ચંદ્ર એ દીવાદારો પણ તેમાં છે, સર્વ બ્રહ્માંડ-

નો મંડપ છે. ત્યાંપર્યંત વૃત્તિ પોતાના પ્રકાશકનેજ જુએ, એવો અભ્યાસ દૃઢ થાય ત્યાં સુધી ધૈર્ય રાખવું પડે છે. તે રૂપ ઢોલ વાગે છે. સાધક ધૈર્યયુક્ત અંતરમાં ઉતરવા લાગે છે. ત્યારે તેને અનહદ નાદ શ્રવણ થાય છે તે રૂપ મંડપમાં નોબત વાગે છે. નારદ વેણા વગાડે છે, એટલે સંસ્કાર સ્ફુરે છે ને છેવટ પરાપર્યંત પહોંચતાં બ્રહ્મા વેદ ભણે છે તે ભાન થાય છે. સર્વ પ્રકારની કલ્પના સમી જતાં પરા વાણી જે વેદરૂપ છે, તે સમજાવા લાગે છે, તે વખત સાધક નિઃશંક થવાથી કૃતકૃત્ય થઇ જાય છે. માટે કવિ કહે છે કે અત્રે કામ થાય છે. જીવાત્મા પૂર્ણકામ થાય છે.

રાગફેર.

ચાર યુગની તે ચોરી રચાવીરે, ગમ ગુજરાં લેવાને ચાલીરે,
ધર્મ કર્મ આખયાણું લીધુંરે, તેતો મતિ કુંભારીને દીધુંરે;
પહેલા ત્રણ કર્યા ત્રણ ગુણરે, પછી ચાર કરી ચાર ખાણરે,
એતો દેહીની ઉનમુની જાણરે, માંહી રચ્યો ભૂલવણીનો તાણોરે;
કપટ કંકુની ચોરી ચિતરાવોરે, ચતુરાઇના ચોખા વેરાવોરે,
માંહે બ્રહ્મ અગ્નિ પધરાવોરે, ઘણા ગર્વનાં ઘી હોમાવોરે.
અજ્ઞાનનાં ઇંધણાં લાગેરે, ત્યારે આત્મારામ માંડીથી જાગેરે.

વિવેચન—સાધનસંપન્ન થઇ, જે શ્રવણ કર્યું છે તેનું મનન કરવુંજ જોઈએ. શ્રવણ કરતાં મનન સો ગુણ ફાયદાકારક છે. ચારયુગ (કૃતયુગ, ત્રેતા, દ્વાપર, ને કલિયુગ) તે ચોરી સ્વરૂપ છે. ચાર યુગ પ્રત્યેક કલ્પમાં આવ્યા કરે છે, એજ સંસારચક્ર છે. તેમાં જીવાત્મા ગમ–જ્ઞાન–લેવા માટે આવે છે. વસ્તુતઃ જીવ બ્રહ્માભિન્ન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. તેનાપર માયાનો અધ્યારોપ હોવાથી અત્ર અપવાદ કરવાની યુક્તિ છે. કેમકે **अध्यारोपाप वादाभ्यां निष्प-**

पंचप्रपंच्यते. સંસાર અનાદિ છે ને ધર્મ કર્મ પ્રમાણે તે ફર્યા કરે છે. તેજ વાત અત્રે કવિ પણ કહે છે. ધર્મ કર્મના સંચયરૂપ અખિયાણું રાજસબુદ્ધિરૂપ મતિકુંભારીને આપ્યું. રાજસીબુદ્ધિજ જીવાત્માને બંધન કરનારી. છે શ્રીકૃષ્ણ પરમાત્મા અર્જુન પ્રતિ કહે છે કે.

रजोरागात्मकंविद्धि तृष्णासङ्ग समुद्भवम् ।
तन्निबध्नातिकौन्तेय कर्मसङ्गेनदेहिनम् ॥

રજોગુણને રાગાત્મક જાણ. તેથી તૃષ્ણાને સંગ ઉદ્ભવે છે. તેનાથી કર્મ થઇ દેહી તે વડે બંધાય છે. એટલે રજોગુણથી સંસારની પ્રવૃત્તિ થાય છે. માટે કવિ સંસારનું સ્વરૂપ કહે છે. પ્રથમ અવ્યક્ત માયામાંથી **सत्त्वंरजस्तमइतिगुणाःप्रकृतिसंभवाः** સત્વગુણ, રજોગુણ, ને તમોગુણ એ ત્રણ ઉત્પન્ન થાય છે. તેમાંથી જરાયુજ, અંડજ, સ્વેદજ ને ઉદ્ભિજ એ ચાર ખાણના જીવો ઉત્પન્ન થાય છે. એજ દેહીની અવસ્થા છે. એ માયાના પ્રદેશમાંજ વિચિત્ર ભૂલવણી બનાવી છે. અનેક પુરૂષો તેમાં રાત્રી દિવસ ભટકયા કરે છે, છતાં બહાર નીકળવાનું દ્વાર હાથમાં આવતુંજ નથી, છતાં કોઇ ચતુર ભાગ્યયોગે ત્યાં જઇ ચડે, તો તેને ભ્રાન્તિમાં નાખી ભૂલાવો ખવરાવનાર, બહુરૂપીની પેઠે, પરખી ન શકાય તેવાં અનંત રૂપ ધરનારી દસ્ય આશા તેને ત્યાંથી પાછો ચક્કરમાંજ નાખી દે છે. પોતે ફેરાના ફંદમાં પડે છે, છતાં સમજાતું નથી. વિવાહ પણ સંસારના આરંભમાંજ સહાયક છે. પરણવા જનારને પણ પૂર્ણ આનંદ હોય છે તે વખત સ્ત્રીઓ ગાય છે કે “ ઇડરીયા ગઢ જીત્યાં ” ખરી રીતે (ઇંદ્રિયોયુક્ત ગઢ જીત્યાં) સ્ત્રીઓના એ ગીતને સાંભળી વરઘોડામાં પણ અલૌકિક તત્ત્વ જોનાર **દાદુદાસ** મહાત્માની ઉક્તિ છે કે “ દાદુ દુનિયા દુબળી, ખોટા ઠોકે ગલ; હાથી ચડાવી ને હેડ લાવ્યાં,

કે જીત્યાં ટોડરમલ." અર્થાત્ સંસારના વિવાહમાં જે આનંદાભાસ છે તે મિથ્યા છે. વળી સંસારી સંબંધ જુઠો છે. અને તૂટનારો છે. સુરતાનો સંબંધ અખંડ રહેનારો ને અખંડ સુખદા છે. એટલું આમાં અલૌકિકપણું છે. તેને સ્પષ્ટ કરવાજ કવિ ઉમેરે છે. સંસારી સંબંધમાં સ્વાર્થ રહેલો હોવાથી કપટ ઉભું થાય છે તે કપટરૂપ કુંકુંમની ચોરી ચિતરવા કહે છે ને ચતુરાઇરૂપ ચોખા વેરાવો. અર્થાત્ કોઈથી ન સમજાય એમ ચતુરાઇયુક્ત પણ કપટ ન કરવું. મન વચન ને કર્મની એકતા રાખવી એજ યથાર્થ સ્વચ્છતા છે. કેમકે અંતર્યામિથી કંઈ અજાણ્યું રહેતું નથી. માટે શાસ્ત્રકાર કહે છે તેમ.

यथाचित्तंतथावाचो यथावाचस्तथाक्रियाः ।
चित्तेवाचिक्रियायांच साधुनामेकरुपता ॥

જેવું ચિત્ત, તેવી વાણી, જેવી વાણી, તેવું કર્મ, સાધુઓનાં ચિત્તમાં, વચનમાં ને ક્રિયામાં એકરૂપતા હોય, ઉક્ત ત્રિપુટીનું ઐક્ય થતાં ચિત્ત શુદ્ધ થઈ સત્ત્વનો આવિર્ભાવ થાય છે, તેજ જ્ઞાન. એ જ્ઞાનાગ્નિ પ્રકટ કરી તેમાં અભિમાનરૂપ ઘી હોમવાનું છે. ગર્વનું ઘી હોમી દેતાં જ્ઞાનની જાગ્રતિ થાય છે ત્યારે **ज्ञानाऽग्निसर्वकर्माणिभस्मसातकुरुतेतथा** ॥ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને બાળી નાખે છે એટલે જ્ઞાનવાન સાક્ષિરૂપેજ રહે છે. તેજ જ્ઞાનજાગ્રતિ.

રાગ. (શ્રી વલ્લભ પ્રભુમારારે સ્વામી એ લય.)

સદ્દગુરૂ સાનનો સરવો રે કીધો, આત્મારામે હાથમાં લીધો;
જુવાનીના જવ તલ હોમિયારે. ૧
શોકનું સોપારી સરવામાં મૂક્યું, સંશયનું શ્રીફળ હાથમાં લીધું;
એમ કરી અગ્નિ વધાવિયારે. ૨

નનશ્યતિ વિનાપાનં વ્યાધિ ભૈષજશબ્દત: ॥ ઔષધનું નામ માત્ર લેવાથી પાન કર્યા વિના વ્યાધિ નાશ પામતો નથી. તેમ **"હું બ્રહ્મ છું"** એવા શબ્દમાત્રથી સંસારબંધન છુટતું નથી. તેનો અનુભવ કરવા માટે સર્વ વાસનાઓનો ત્યાગ કરવો જોઇએ. આશાનો ત્યાગ કરવો, મનને વશ રાખવું એ કામ કઠિણ છે. અભ્યાસીને તેમ કરવામાં વિલંબ લાગે છે, પરંતુ કઠિણ પડતું નથી. જ્ઞાન શ્રવણ કર્યા છતાં અધ્યાસ દેહાધ્યાસ-બુદ્ધિ એકદમ જતી નથી. બુદ્ધિમાંથી દ્વૈતભાવના જતી નથી. અક્કલ વડુ કહે છે કે હું બેડું (દ્વૈતદષ્ટિ) નહિ ઉતારૂં. છતાં કાંઇક સારૂં આપો તો ઉતારૂં. એમ કહી **સંત સેવા** માગે છે. સર્વ તેને ધન્યવાદપૂર્વક તે આપે છે, અર્થાત્ જ્ઞાન સમજ્યા પછી દેહાધ્યાસનો હ્રાસ (નાશ) ન થાય, ત્યાંસુધી દ્વૈત દષ્ટિ બની રહે છે. તેને ઉડાવી દેવાની ઉત્તમોત્તમ યુક્તિ એજ છે કે, સંત મહાત્માઓને ઇશ્વરરૂપ સમજી તેમની સાચા ભાવથી સેવા કરવી. તેથી (૧) સ્વાર્થનો ભોગ આપવો પડે છે (૨) માન ભાવના ઓછી થાય છે (૩) ગુણ જોવાનો અભ્યાસ વધે છે (૪) અને આત્મદષ્ટિ પુષ્ટ થાય છે, માટે સંતસેવા સર્વોત્કૃષ્ટ છે. તેવા પુરૂષોનો સંગ કરતાં દ્વૈતમાં રહેતાં છતાં, તેમાં કેમ લેપાવાય નહિ, તેની ગમ પડે છે, એટલે દ્વૈતરૂપ ગોતરંડા સરલતાથી બુદ્ધિ ઉતારી નાખે છે. જ્ઞાનલોભી મુમુક્ષુ સંતસેવા કરતાં તરી જાય છે. લોભી પુરૂષનું કોઈ ગમે તેટલું અપમાન કરે, વારંવાર કાઢી મુકે છતાં કશાને ન ગણકારતાં પોતાનું કામ જો થતું હોય તો સર્વ વેઠી રહે છે. તેમ જિજ્ઞાસુએ પણ જ્ઞાનલોભી થઇ સંતસેવા કરવી. કદિ કોઇ માન અપમાન કરે વા કાઢી મુકે તો પણ તેમની પાસે વારંવાર જવું. એવો લોભ-જ્ઞાનલોભ-રાખનાર નિશ્ચય સંસારથી તરી જાય છે.

રાગ. ધોળ.

પરા તે પરથી જાનો આવી, મારા મનડામાં ઘણું ભાવી;
આ તનડાની પીડા સમાવી, ચિદ્દઘનસ્વામી મંડપ આવિયા. ૧
સુરતાના જુઠા સંઘાતી, પાંચ પચીશની દાઝી છાતી,
વિલંબની તો વાતો નાઠી, ચિદ્દઘન. ૨
આપણ સર્વે એકઠા થાઓ, બુદ્ધિને બીજું સમજાવો;
સુરતાનો વિવાહ ભંગાવો, ચિદ્દઘન. ૩
કુટુંબ કલેશ તે કારમો કરતા, જુઠા સંગાતિ સરવે સરકયા;
પાંચ હતા તે પડિયા હેઠા. ચિદ્દઘન. ૪
સદ્દવસ્તુ સામૈયું કીધું, અનુભવને આદર માન દીધું;
ભાવતું ભોજન ભાવે કીધું. ચિદ્દઘન. ૫
પ્રેમ પાથરણાં પ્રીતે પાથરીયાં, સંતે સારાં કામજ કરીયાં;
જન્મ મરણનાં દુઃખડાં ટળિયાં. ચિદ્દઘન. ૬
આસન ઉતારે અંતર્યામિ, દાસ ધીરાનો અખંડ સ્વામી;
પુરણ પુન્યે એ વર પામી. ચિદ્દઘન. ૭

વિવેચન—सत्वात्संजायते ज्ञानम् ॥ સત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ શ્રીકૃષ્ણપરમાત્માના વચનાનુસાર દૃઢ રહેવાવાળા, પુરૂષના મનમાં જ્ઞાનનો પ્રકાશ સત્ત્વવૃદ્ધિથી પડવા માંડે છે, તેજજ્ઞાન છે. વેદાન્તમાં વાણીના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે (૧) **વૈખરી** (આપણે જે બોલીએ છીએ જેના વડે સર્વ વ્યવહાર ચાલે છે તે), (૨) **મધ્યમા** (મનમાં જે વિચાર કરતી વખત બોલીએ છીએ તે) (૩) **પશ્યતિ** (નાભિથી ઉપરના ભાગમાંથી જણાય છે તે, વધારે સ્પષ્ટ થવા દૃષ્ટાંત લઇએ કે, કોઇની સાથે વાત કરતાં

સામે માણસ બોલતો હોય, તેવામાં આપણને કંઈ જણાય. પછી તેને કહેવા જતાં અટકી પડીએ, ત્યારે તે પૂછે છે કે, શું કહો છો આપણે જવાબ આપીએ છીએ કે, કહેવાનું છે તે હૃદયમાં છે. પણ હોઠે આવતું નથી. એ પશ્યંતિ) (૪) **પરા,** જેનું સ્થલ નાભિ છે. જે આત્માની વાણી છે. તેની પારથી એટલે આત્મામાંથી, અગર પરાત્પર એટલે સર્વથી પર-શ્રેષ્ઠ આત્મા છે. શ્રુતિ કહે છે કે.

इन्द्रियेभ्यः पराह्यर्था अर्थेभ्यश्चपरं मनः ।
मनसस्तु पराबुद्धि र्बुद्धेरात्मा महान्परः ।
महतः परमव्यक्त मव्यक्ता त्पुरुषः परः ।
पुरुषान्नपरं किंचित्सा काष्ठा सापरा गतिः ॥

અર્થ—ઇન્દ્રિયોથી વિષય ઉત્તમ છે, વિષયોથી મન શ્રેષ્ઠ છે, મનથી બુદ્ધિ પર છે, બુદ્ધિથી મહતત્ત્વ ઉત્કૃષ્ટ છે, મહતત્ત્વથી અવ્યક્ત વર્ય્ય છે, ને અવ્યક્તથી આત્મા વરેણ્ય છે, તેનાથી પર કાંઈ નથી. તેજ પરાગતિ છે. અંતઃકરણ શુદ્ધ થઈ, વૃત્તિઓ એકાગ્ર થતાં પરાત્પરથીજ જ્ઞાન-આત્માનો પ્રકાશ આવે છે. સ્વરૂપાનુભવ થવા લાગે છે. તે વખતે સાધક-મુમુક્ષુ-ના મનમાં આનંદ થાય છે. મન પ્રફુલ્લ થતાં સર્વ પીડા શાન્ત થઈ જાય છે. તેજ વખત સંપૂર્ણ બ્રહ્માંડમાં એ ચૈતન્યનો પ્રકાશ સમજાવા લાગે છે, એટલે પ્રથમના કહેલા મંડપમાં ચિદ્દ્ઘન સ્વામી આવે છે. લગ્ન સમયે પરણનાર વરવધુના અંતઃકરણમાં તો આનંદ હોય છે, પરંતુ તેના સંબંધીઓ વ્યવહારીકરીતે લેણદેણમાં ન્યુનાધિક ગણી બળેછે. સમય-પર-

ભાવવાનો સમય-જતો ન રહે માટે, અમુક વસ્તુવિના નહિ ચાલે એવું કહી જરાવાર અટકાવે છે. છેવટ આગ્રહ છોડી દેવો પડે છે. તદ્વત્ સુરતા-લક્ષના જુઠા સંગાતી, પાંચ ભૂત ને પચીશ તત્ત્વો તે માયિક હોવાથી, વૃત્તિનું લક્ષ જ્યારે તેના પરથી ઉઠી, બુદ્ધિના નિશ્ચય બળથી એક વખત આત્માપર વળવા લાગ્યું, એટલે પંચ વિષયો બળવા લાગે છે. અભ્યાસ વૃદ્ધિ પામ્યા પછી, તન્મય થવામાં વખત લાગતો નથી. કવચિત્ કોઈ જગાએ સહજવાર અટકવું પડે છે. વિચારવાન શરીરને અશાશ્વત જાણી તેના ભરોસાપર ન રહેતાં, સ્વરૂપાનુસંધાન પરજ ઉતરી પડે છે.

શ્રેયાંસિબહુ વિઘ્નાનિ. મોક્ષ પ્રાપ્ત કરી લેવામાં બહુ વિઘ્નો નડે છે. આપણી ગુજરાતી ભાષામાં પણ કથન છે કે " **સારાકામમાં સો વિઘ્ન** " વ્યવહારીક લગ્નમાં પણ કોઈ વખત તકરાર થઈ જાય છે. અંતે સમાધાન પર આવી જાય છે. તેમ સુરતાના લગ્નમાં દૈવી ને આસુરી સંપત્તિની લડાઈ થાય છે. સર્વ પોત પોતાનો પક્ષ ખેંચતા બુદ્ધિમાં ભેદ ભાવ ઉત્પન્ન કરી, મનને સંશયમાં પાડવા પોતાનાથી બનતું કરે છે, પરંતુ જ્ઞાનસ્વાદ અનુભવમાં આવ્યા પછી બીજું તેને રૂચતું નથી. શુભાશુભ વિચારરૂપ કુટુંબમાં કલેશ થઈ સત્યાસત્યનું મંથન થતાં, અંતમાં **सत्यमेव जयते नाऽनृतं.** સત્યનોજ જય થાય છે અનૃત-જુઠનો નહિ. એ વેદ વચનાનુસાર, અસત્ય દબાઈ અળગું પડી જાય છે. જગત્ મિથ્યા છે તે સ્પષ્ટ સમજાતાંજ પાંચ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ) વિષયોની આસક્તિ તૂટી જાય છે. પાંચ વિષય નીચા પડયા. મન નિર્વિષયી થયું એટલે મોક્ષ થયોજ **બ્રહ્મબિન્દૂપનિષદ**માં કહે છે કે.

मनएव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः
बन्धाय विषयासक्तं मुक्तयै निर्विषयं स्मृतम् ॥

અર્થ—મન એજ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે. વિષયાસકત છે, ત્યાં સુધી બંધાય છે. નીર્વિષયીમન થયું એટલે મોક્ષ. લક્ષ પરમાત્મામાં લાગ્યું, જે રાગનો વેગ સંસાર તરફ હતો તે ફરી પરમાત્મા તરફ ઉલટયો ને દ્રશ્યમાં વૈરાગ થયો, એટલે પ્રેમ પ્રવાહ, નદી જેમ સમુદ્રમાં મળતાં સમુદ્રરૂપ થઈ જાય છે. તેમ પરમાત્મારૂપ થઇ જાય છે. સર્વત્ર પોતે વ્યાપક હોવાથી પોતાને જોતો હોવાથી પૂર્ણ પ્રેમી છે. અને સઘળે વ્યાપકછતાં **साक्षी चेताकेवलो निर्गुणश्च ॥** શ્રુત્યાધારે સર્વનો સાક્ષી હોવા છતાં કશાથી રંગાતો-લેપાતો નથી એટલે પૂર્ણ વિરાગી છે તેજ ચિદ્દઘન છે.

अहंब्रह्मास्मि હું બ્રહ્મ છું. એવી વૃત્તિ રૂપ સામૈયુ કરવામાં આવે છે. પૂર્ણ આદરથી એ ધારા અખંડ પડવા લાગે છે. અનાત્મા-કાર વૃત્તિનું વ્યવધાન જરા પણ નડતું નથી. તે વખત સવિકલ્પક સમાધિ થાય છે. મુમુક્ષુને આનંદ થાય છે. વેદાન્ત શાસ્ત્ર અને ગુરૂ તરફ માન વધે છે. અપૂર્વ તૃપ્તિનું ભાન થતાં તે બોલે છે કે.

कृतकृत्यतयातृप्तः प्राप्तप्राप्यतयापुनः
तृप्यन्नेवंस्वमनसा मन्यतेऽसौ निरंतरम् ॥
धन्योऽहं धन्योऽहं नित्यं स्वात्मानमंजसावेद्मि
धन्योऽहं धन्योऽहं ब्रह्मानंदो विभातिमेस्पष्टम् ॥

धन्योऽहं धन्योऽहं दुःख सांसारिक नवीक्षेऽद्य
धन्योऽहं धन्योऽहं स्वस्याज्ञानं पलायितंक्वापि ॥
धन्योऽहं धन्योऽहं कर्त्तव्यं मे न विद्यते किंचित्
धन्योऽहं धन्योऽहं प्राप्तव्यं सर्वमद्य संपन्नम् ॥
धन्योऽहं धन्योऽहं तृप्तेर्मे कोपमा भवेल्लोके
धन्योऽहं धन्योऽहं धन्यो धन्यः पुनः पुन र्धन्यः ॥

પંચદશી–તૃપ્તિદીપ.

અર્થ:—જ્ઞાની કરવાનું કરી ચુકયો અને પામવાનું પામી ચુકયો. એવી રીતે પોતાના મનથી તૃપ્તિ પામતો સતો, પોતાના મનથી નિરંતર માને છે કે હું ધન્ય છું હું ધન્ય છું, હું મારા આત્માને સાક્ષાત્ જાણું છું. હું ધન્ય છું હું ધન્ય છું, મને બ્રહ્માનંદ સ્પષ્ટ સ્ફુરે છે. હું ધન્ય છું હું ધન્ય છું, કેમકે આજ હુ સાંસારિક દુઃખ નજરે જોતો નથી. હું ધન્ય છું હું ધન્ય છું, કારણકે મારૂં અજ્ઞાન કયાંય પલાયન કરી ગયું છે. હું ધન્ય છું હું ધન્ય છું, કેમકે મારે કાંઇ પણ કર્તવ્ય રહ્યું નથી. હું ધન્ય છું હું ધન્ય છું, કારણકે મને મળવા યોગ્ય આજ સર્વ મળ્યું છે. હું ધન્ય છું હું ધન્ય છું, કારણકે લોકમાં મારી તૃપ્તિની કાંઇ ઉપમા નથી. હું ધન્ય છું હું ધન્ય છું, હું ધન્ય, ધન્ય અને વારંવાર ધન્ય છું.

आत्मवत्सर्वभूतेषुयः पश्यति જે સર્વ ભૂતોમાં આત્મવત્ જુએ છે. અખિલ પ્રેમદૃષ્ટિ એજ પાથરણું છે. તે કાર્ય સંતેજ કર્યું છે. તેનાથીજ જન્મ મરણનો ભય પણ નાશ પામ્યો. સર્વનું અધિષ્ઠાન આત્મા છે. એજ તેનો ઉતારો. પરમાત્માજ સર્વનો અંત-

યંતા ને સ્વામી છે. ભિન્ન ભિન્ન પદાર્થોમાં છતાં અખંડ છે. તેને મનુષ્ય પૂરાં પુન્ય હોય તોજ વરે છે. એ અખંડ પતિને વરતાં અખંડ થવાય છે. ભેદમાં વ્યાપક છતાં એ અખંડ છે એ વાત શ્રી ભગવદ્ ગીતામાં સમજાવી છે કે **सूत्रे मणिगणा इव ॥** જેમ સૂત્રમાં છૂટા મણકા રહે છે તેમ, તથા **ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ॥** ભૂત માત્રના અંતરમાં વ્યાપક છે તે વાત પુન્ય પ્રવાહ વધતાં તેમની કૃપાથીજ સમજાય છે અસ્તુ. ॐ

રાગ. (વિવાહનો)

રતિ મતિ કન્યાની છે માડીરે, આવ્યાં કરણકલેવો જમાડીરે.
જાનૈયાને જમવાને ઉઠાડોરે, રૂડી રૂડી રસોઇયો નિપજાવોરે.
રીતેપ્રીતે પતરાળાં નેપડિયારે, સોનાના આસનેહીરલાજડિયારે.
પ્રેમે કરો ભોજન શ્રી યદુવીરરે, સાથે તેડો શ્રી બળભદ્ર વીરરે.

વિવેચનઃ—સર્વત્ર પોતાને જોનારજ યથાર્થ પ્રેમ રાખી શકે છે **યાજ્ઞવલક્ય** પોતાની સ્ત્રીને બોધ કરતાં કહે છે કે

नवाअरे सर्वस्यकामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति ॥

સર્વના કામ માટે સર્વ પ્રિય નથી. પણ આત્મકામ માટેજ સર્વ પ્રિય છે. આત્માજ પરમ પ્રેમાસ્પદ છે. નામ રૂપને મિથ્યા સમજી તે પર વિરાગ રાખી, અસ્તિ, ભ્રાતિને પ્રિય રૂપે સર્વપર રાગી પુરૂષનીજ રતિ મતિ છે. તેજ કન્યા સુરતા-લક્ષ્યની માડી છે તે આત્માને જઇને કરણ કલેવો જમાડી આવે છે. કરણ એટલે ઇંદ્રિયો રૂપ કલેવો. ઇંદ્રિયોના ભોગ તજી શ્રોત્રાદિ સર્વ વૃત્તિઓ આત્મામાં

વિલાય છે. જાનૈયા—સર્વ વિચારને પણ જ્ઞાનરૂપ ઉત્તમ રસોયો જમાડવામાં આવે છે. તેમાં શ્રીકૃષ્ણ—આત્માને આત્માનાબંધુ બલદેવ—પ્રાણ. તે ઉભય પણ તેમાં—જ્ઞાનતત્ત્વમાં જમીને અનુભવીને તૃપ્ત થાય છે. જ્ઞાનીનો અનુભવ સ્વસંવેદ્ય હોવાથી તેજ જાણે છે અન્યને તે સમજવું કઠિણ છે.

રાગ (ઘડપણ કોણે મોકલ્યું.)

પ્રભુ પ્રાણ તણા આધાર, વરઘોડો નિર્ગુણ નાથનો. ટેક.
મન પવનરૂપી ઘોડલો, સાથે અનુભવ વિવેક વિચારરે;
સત્ ધર્મ જાનૈયા શોભતારે, સોહં શબ્દ થયા અશવાર. વ. ૧
અલમસ્ત હાથી આગે ઝુલે, શ્રદ્ધા લખી સોહાયરે;
નિશ્ચયના નેજા ઝળકિયારે, સંતસજ્જન મેળાવો થાય. વ. ૨
હેતની હવાઇઓ ફુટીઓરે, છુટયા બંદુકોના બારરે;
કરમની કોઠિયો છુટીયોરે, ભાવ ભુંગળના ભણકાર. વ. ૩
અનહદ નોબત ગડગડે, વાગે ધીરજ રૂપી ઢોલરે;
પ્રીત પખાવજ વાગતુંરે, શબ્દ શરણાઇના બહુ શોર. વ. ૪
ઇર્ષ્યારૂપ વાડી રચીરે, કામ ક્રોધ મમતા માંહ્યરે;
અહંકાર અભિમાનનાં ફુલડાં, તે તો લુંટાવી દીધાં ત્યાંય. વ. ૫

વિવેચન—યોગદર્શનમાં સબીજ સમાધિના (૧) સવિચારા (૨) નિવર્તિકા (૩) સવર્તિકા (૪) નિર્વિચારા ચાર ભેદ પાડેલા છે તેનો વિસ્તાર તેમાંથી જોઇ લેવો. ઉપરના પદ્યની હકિકત નિર્વિચારના સ્વરૂપ સાથે મળતી છે. કેમકે તેમાંથી જેમ અધ્યાત્મપ્રસાદ થાય છે, તેમ અત્ર પણ તેવોજ પ્રકાર બને છે. સૂત્રકાર કહે છે કે. **निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः** નિર્વિચાર સમાધિનું વૈશારદ્ય થ-

વાથી અધ્યાત્મપ્રજ્ઞા થાય છે. નિર્ગુણ પુરૂષને સમજી શકે, એવી બુદ્ધિ સ્વચ્છને સૂક્ષ્મ થાય છે. ત્યાંથીજ વરઘોડાનો આરંભ થાય છે. પૂર્ણ ગતિવાળું મન, એ રૂપ અશ્વ સાથે, સ્વાનુભવ, વિવેકને વિચાર સાથે સતધર્મરૂપ જાનૈયા ને તે પર સોહં (તે હું) ધ્વનિ સ્વાર છે. આગળ પ્રણવરૂપ હાથીઓ ઝુલે છે. તે પરની અડગ શ્રદ્ધા રૂપ નાલખી છે. નિશ્ચયરૂપ ધ્વજા ઝળકે છે. સજ્જનસ્વભાવ વાળા સંતપુરૂષોનો મેળાવો થાય છે. સંતના લક્ષણ વર્ણવતાં રાજર્ષિ ભર્તૃહરિ કહે છે કે.

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः ।
प्रियंकृत्वामौनंसदसिकथनंचाप्युपकृतेः ।
अनुत्सेकोलक्ष्म्यांनिरभिभवसाराः परकथाः ।
सतांकेनोद्दिष्टंविषममसिधाराव्रतमिदम् ॥

અર્થ—બ્રાહ્મણોને ગુપ્ત દાન દેવું, ઘેર આવેલાની આગતા સ્વાગતા કરવી, હિતકરીને પણ મૌન રાખવું, પોતે કરેલા ઉપકારને પ્રકટ કરવો નહિ, સમૃદ્ધિ છતાં પણ ગર્વ રાખવો નહિ, અને પરાભવના સારાંશ વગરની બીજાઓની વાતો કરવી, એવી રીતે તલવારની ધારજેવું, ઉપર કહેલું તીક્ષ્ણ વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું? કોઈએ બતાવ્યું નથી. પણ એ સ્વાભાવિક છે. આવા ગુણયુક્ત સજ્જન સંતનો મેળાવો, એ આત્માના વરઘોડામાં થાય છે.

સર્વત્ર હિતની ધારારૂપ હવાઈઓ છુટે છે. સંશય ને ભેદ ભાવનાની વૃત્તિઓ ભેદાતાં બંદુકોના અવાજ થાય છે. કર્મના ક્ષય રૂપ કોઠીઓ ફૂટે છે. અખંડ આત્મભાવરૂપ ભૂંગળો વાગે છે. અનહદ

નાદની નોબત ગડગડે છે. ધીરજ રૂપ ઢોલ વાગે છે. પ્રીત પખાવજ ને શરણાઇ શબ્દ તેમાં શોર પૂરે છે. લગ્ન પ્રસંગે જે વાડી ભરવામાં આવે છે. તેને અધવચ્ચેજ લૂંટાવી દેવામાં આવે છે. જો તે વાડી સહિસલામત કન્યાના પિતાના ઘર સુધી પહોંચે, તો તેનો ખર્ચ તેને આપવો પડે છે. માટે વરપક્ષવાળા વાડીનું રક્ષણ કરે છે, ને કન્યા પક્ષવાળા તેને લૂંટવા તજવીજ કરે છે. ગમે તે ઉપાયે તે લૂંટેજ છે ક્વચિત્ મારામારી પણ થાય છે. એવો કોઇ જગોએ ચાલ હોય છે. તેજ પ્રમાણે નિર્ગુણનાથના વરઘોડામાં પણ ઇર્ષ્યારૂપવાડી કામ ક્રોધને અભિમાનના ફૂલથી બનાવવામાં આવે છે. તેને વચ્ચમાં લૂંટાવી દેવી પડે છે. જીવનો પક્ષ તેનું રક્ષણ કરે છે, આત્મ લક્ષ્ય તેને લૂંટાવી દેવા ઇચ્છે છે. મનુષ્ય સર્વનો ત્યાગ કરી શકે છે. પરંતુ માન, બડાઇ ને ઇર્ષ્યા તે ત્રણને તજનાર કોઇ વીરલજ હોય છે. તે ટળે નહિ તો પુનઃ કર્મ ઉત્પન્ન થઈ, જન્મ મરણ ઉભું થાય, તે રૂપ ખર્ચ કન્યાપક્ષને આપવો પડે છે. માટે લક્ષજ્ઞાની તેના તરફ લક્ષજ આપતો નથી. ગમે તે પ્રકારે દ્વન્દ્વથી તે મુક્ત રહેવાય તેવીજ સ્થિતિમાં વિચરે છે. ગિરધરકવિનાં વચન તેના સ્મૃતિ પટપર તરતાંજ રહે છે કે–

કુંડળિયો.

પ્રતિષ્ઠા વિષ્ઠા ફુકરી, ગૌરવ રૌરવ નરક,
અભિમાન વારૂણી પાન હે. ત્રીતિ ત્યાગ હે ફરક,
ત્રીતિ ત્યાગ હે ફરક, હોઇ સુખ તબી પ્રાપત,
હોઈ દિનતા નાશ, સબ ઐસી શ્રુત ગાવત;
કહે ગિરિધર કવિરાય, ભયી તિનકી મત ભ્રષ્ટા,
જો ગરવ ગરૂરી કરત, ચહે હૈ માન પ્રતિષ્ઠા,

એવાજ પ્રકારની આજ્ઞા **શ્રીકૃષ્ણપરમાત્મા** પણ શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં કરે છે કે–

त्रिविधं नरकस्येदंद्वारंनाशनमात्मनः ।

कामः क्रोधस्तथाक्लोभस्तस्मादेतत्रयंत्यजेत् ॥

આ ત્રણ નરકનાં દ્વાર, આત્માનો નાશ કરનાર છે. કામ ક્રોધ તથા લોભ, માટે એ ત્રણેને છોડી દેવાં જોઇએ. કોઈ ભાષાનો કવિપણ કહે છે કે " લિખના પઢના ચાતુરી, તીનો બાત સહેલ: કામ દહન મન વશ કરન, ગગન ચઢન મુસ્કેલ " તેટલા માટેજ છ્વ વસ્તુત: નિર્ગુણબ્રહ્મ હોવાથી, સર્વ ટોળ તુર્તજ લુંટાવી દે છે.

રાગ. (શ્રીવલ્લભ પ્રભુ એ, લય.)

ટેકને તોરણ અવિનાશીરે આવ્યા,
બુદ્ધિ બાઇએ પ્રેમ પુષ્પે વધાવ્યા;
સંશયને શોક મટી ગયારે. ૧
માયાનું ગુસરૂં મુશળ મુક્યું,
પરપંચ પરનું પોકણ પોકયું;
તન મન ધન સમરપીયુંરે. ૨
અભિમાન ઇંઢિ પિંઢીને સરિયો,
સંપૂટ જન્મ મર્ણ ભય ટળિયો;
ભાગ્યાં કુટીલતાનાં કોડીયાંરે. ૩
નેક નાક સાહીને નારાયણ નીરખ્યા,
પ્રભુને પોંકીને હૈડામાં હરખ્યાં
દેહતણું ભાન ભુલી ગયાંરે. ૪

વિવેચન—ઉપાસના અગર ધ્યાનના પરિપાકનું અત્ર વર્ણન છે. પ્રથમથી જે ધ્યેય સ્વરૂપ નક્કી કર્યું હોય તેને વારંવાર બદલવું નહિ. તેમાં શ્રદ્ધા રાખી મચ્યા રહેવું. વિઘ્નો આવે છતાં ડગવું નહિ એ ટેક અડગ રહેતો પરમાત્મા–અવિનાશી–જરૂર તોરણે આવે છે. તે પરથી બુદ્ધિનો અખંડ પ્રેમ તેમાં બંધાય છે. દૃઢતાથી સર્વ પ્રકારના સંશય ને શોક નષ્ટ થાય છે. માયાનું આવરણ ઉડવા લાગે છે. પરમાત્માનું અલૌકિક સ્વરૂપ દેખાય છે. એટલે માયાનો ભાર (ઝુસરૂં) માર (મૂશળું) ને અનુસંધાન રૂપ સરિયો તે સર્વવડે પરમાત્માને પોષવા (પોંકવા) માં આવે છે અર્થાત્ સર્વનું અધિ-ષ્ઠાન ને અભિન્નિમીત્તો પાદાન કારણ આપ હોવાથી સર્વત્ર આપજ છો. શ્રુતિ પણ કહે છે કે **नेहनानास्ति किंचन,** આ જુદું જણાતું કાંઈ નથી. પરમાત્મા પ્રપંચની પાર છે. એમ સમજાતાં સર્વ પ્રપંચ પરહરી, પરમાત્મ અર્થે તન, મન ને ધન સર્વ અર્પણ કરી, તેમાંજ તલ્લિન રહે છે. અભિમાન રૂપ ઇંડિયા પિંડિયા, ચારે દિશામાં ફેંકી જન્મ મરણના સંપુટને ભાગી નાખે છે. જ્ઞાની પરમાત્માના પરમપદ-ને પામ્યા પછી જન્મ મરણમાં આવતો નથી. **नसपुनरावर्त्तते.** તે પાછો આવતો નથી. માયાની કૂટિલતાના કોડિયાં ફોડી નાંખે છે, નિશ્ચય-નેક–રાખતાં નારાયણ મળે છે. દયારામભાઈએ એક સ્થ-લમાં લખ્યું છે કે. “ નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો–વસે વ્રજલાડિલો, જેરે જાયે તે દર્શન પામેજી.” તેમજ **શ્રીકૃષ્ણચંદ્ર** પણ કહે છે કે **श्रद्धा वांल्लभते ज्ञानम्** શ્રદ્ધાવંત પુરૂષને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે શ્રદ્ધાથીજ જ્ઞાન–પરમાત્મા પોષાય છે. તેમનું ચિંતન કરતાં કરતાં તેમાં તલ્લીન બનનાર “ કિટભ્રમરન્યાયે ” તદ્રૂપ

થતાં દેહભાન ભૂલી જાય છે. " દરબારી કાનડો " આશા અંબર અળગું કરી પડ, આનંદસાગર ન્હાવા; દેહભાનને દે ડૂલાવી, મુકુંદ સ્વરૂપે થાવા–જે જાય.

રાગ ધોળ.

હસ્ત મેળાવારે વિપ્રો આવિયા ત્યાંય.
અધ્યાત્મ ગુરૂજી પધારિયા. ટેક.
મામો મર્યાદા વાત કરે મર્મની;
કન્યા પધરાવો (મનોરથ) માયરામાંહે. અધ્યાત્મ. ૧
ભક્તિ રૂપી છેડા ગાંઠિયા;
નિજ નામની આરોપી વરમાળ. અધ્યાત્મ. ૨
ધર્માદિ ચાર મંગળ વરતાવીઆં
પ્રેમે પ્રીતિ આરોગ્યા કંસાર. અધ્યાત્મ. ૩
ત્યાંતો ગેબી નગારાંરે વાગીયાં
આવી વધાવે સુવાસણુ નાર. અધ્યાત્મ. ૪
આનંદ ઉર મુખ તંબોળ છાંટણાં
પરણી ઉઠયા દીન દયાળ. અધ્યાત્મ. ૫

વિવેચન—આત્મતત્ત્વમાં અભેદબુદ્ધિની સ્થિરતા એજ હસ્ત-મેળાપ છે. અભેદ બુદ્ધિવાન્ પુરૂપ આત્મદૃષ્ટિથી ચાલવા લાગે છે. સંસારીઓ તેને પોતાનાથી પ્રથક પડતો જોઈ, પુનઃ પોતાની લા-ઈનિમાં લાવવા તેને અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિથી સમજાવે છે.

यद्यपिशुद्धं लोक विरुद्धं ना चरणीयंना करणीयम्॥

લોકથી વિરૂદ્ધ શુદ્ધ હોય, તોપણ આચરવું કે કરવું નહિ. લો-કલાજ રૂપ મામો મર્મની વાતો કરે છે. જગત્ ને ભગતને અનાદિ

કાળનું વૈર હોવાથી, લોકો તેની નિંદા કરે છે. લોકોના ચિત્તનું સમાધાન કરવા માટે, મિથ્યા પ્રપંચને આત્માનો નિયામક બનાવવો, એ ખોટુંજ છે. કોઇ પણ રીતે લોકોનાં ચિત્ત આરાધવાં, એ બહુજ કઠિણ છે. કોઇ જ્ઞાતા કહે છે કે.

शुचिः पिशाचोविचलोविचक्षणः क्षमोप्यशक्तोबलवांश्चदुष्टः ।
निश्चिंतचोरः सुभगोऽपिकामीकोलोकमाराधयितुंसमर्थः ॥

અર્થ પવિત્ર રહે તો પિશાચ કહે છે, વિદ્વાનને ભ્રમિત કહે છે, સહનશીલને અશક્ત કહે છે, બલવાનને દુષ્ટ કહે છે, અચિંતને ચોર, રૂપાળાને કામી કહે છે લોકોને આરાધન કરવા કોણ સમર્થ છે ? કોઇ નહિ. તેથી લોકોકિત તરફ દષ્ટિ ન કરતાં મનોરથ-આત્મરૂપ ભાવનાના માયરામાં લક્ષ લગાડવું. અધ્યાત્મજ્ઞાન થવાનો અત્રથીજ પ્રસંગ છે. મનનો ગુરૂ મન થાય તેજ અધ્યાત્મગુરૂજી તે ક્રિયા અત્રથીજ શરૂ થાય છે. **ગૌડપાદાચાર્ય** કહે છે કે **जडवल्लोकमाचरेत्** જડ જેવું જગતમાં ફરવું. અર્થાત્ મન વચન ને કર્મની એકતા રાખી તે પ્રમાણે ચાલવું. જગતના જશની આશાએ પોતે પ્રપંચમાં પડવું નહિ. ત્યારેજ તરવાનો ખરો રસ્તો હાથમાં આવે છે. લોકોને તે અનુકૂળ ન હોવાથી તે માનતા નથી "દાદુદાસ" પણ કહે છે કે "જબહમ ઉજડ ચાલતે, કહતે મારગ માંહે; ચલકર પહોંચે પંથપેં, કહે એ મારગનાંહિ." પરમાત્મા તરફ આત્મનિવેદન નામની ભક્તિ એ છેડાગાંઠણ છે પ્રત્યેક શ્વાસે પરમાત્માનું નામ જપ્યાજ કરવું, એ વરમાળ છે. ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ એ ચારે પુરૂષાર્થની સિદ્ધિ રૂપ મંગળ ફેરા છે (તે પૂરા થતાં પ્રેમ ભાવનારૂપ કંસાર જમીને તૈયાર થતાં. ગેબીનાદ, વાણીવિના સ્વર અલૌકિક શ્રવણ થાય છે.) તેજ

સમયે આત્માકારવૃત્તિરૂપ સુવાસણ સ્ત્રીઓ તેમને વધાવે છે. દૃષ્ટિનો સંપૂર્ણ સાક્ષાત્કાર થતાં અંતરમાં આનંદ ઉભરાય છે. મુખપર લાલી રૂપ તંબોલ છંટાય છે. દીનપર દયા કરનાર આત્મા પોતેજ ઉઠીને પરણે છે. પરમાત્માની માયા તેની કૃપાથીજ તરાય છે. મનુષ્યની જીવાત્માની એ શક્તિ નથી. માટે શ્રી ભગવદ્ ગીતામાં સ્પષ્ટ કહેલ છે કે

दैवीह्येषा गुणमयी मममाया दुरत्यया ।
मामेवयेमपद्यन्ते मायामेतांतरान्तिते ॥

અર્થ—દૈવીને ત્રિગુણાત્મિકા એવી મારી માયા દુરત્યયા-દુઃખ વડે કરીને તરાય એવી છે. જે મારે શરણે આવે છે તે માયાને તરી જાય છે. **नायमात्मा प्रवचेनलभ्यः** આત્મા પ્રવચનવડે લભ્ય નથી. આદિ વચનોથી શ્રુતિ પણ સ્પષ્ટ કહે છે કે, તેની જેનાપર કૃપા થાય છે તેનેજ વરે છે. તેથીજ તે દીનદયાળ કહેવાય છે.

રાગ. (હારનો મારગ છે શુરાનો)

રીતે પ્રીતે પરણી ઉઠયા, નોધારાનો નાથ જોને
સુરતા સખી સાસરિએ ચાલ્યાં, અલખ પુરૂષની સાથ જોને
શુન્ય શિખર ગઢ પર્વતમાંહી, આનંદ ઓછવ થાય જોને
સહજ સમાધ ગાદીવાળા, મળિયા શ્રીમહારાજ જોને
ધીરજ સખિએ ધીરજ ધારી, સરિયાં સરવે કાજ જોને.

વિવેચન—શ્રવણ, મનન ને નિદિધ્યાસનથી અભ્યાસ વધતાં ધ્યેય તરફ વૃત્તિઓ પૂર્ણ રીતે જાગ્રત રહે છે. પછી વ્યવહાર કરતાં છતાં પણ ધ્યાન-ચિંતન આત્માનુંજ રહે છે. વ્યવહારીક મનુષ્યો, ઈશ્વર સ્મરણ કરવા બેસે. સંસારના કોઈ વિચાર તેને લાવવાની ઈચ્છા ન

હોય, છતાં આવી જાય છે. તેમ લક્ષ્યાર્થીને પણ તે બાજુના વિચાર અનાયાસે આવ્યાજ કરે છે. એજ સુરતા સખીનું અલક્ષ પુરૂષની સાથે સાસરે જવાપણું છે. પરાવાણી, જેને શૂન્ય શિખર કહેવામાં આવે છે. ત્યાં આનંદ ઉત્સવ થાય છે. ને

यत्र यत्र मनोयाति तत्र तत्र समाधयः ॥

જ્યાં જ્યાં મન જાય છે. ત્યાં ત્યાં સમાધિજ લાગે છે. અખંડ સ્વરૂપ ભાનજ રહે છે. એવી સ્થિતિ થતાં સુધી ધૈર્ય ધારણ કરવું પડે છે. તેમ કરતાં કૃતકૃત્ય થઇ સર્વ કાર્ય સરે છે. અસ્તુ ૐ ૐ ૐ

રાગ. (વિવાહનો)

ગાંઠ છોડો છબીલા દોરડે, છોગાળા છેલ્લી.
લાજ મુકીને આવો ઓરડે, છોગાળા છેલ્લી.
વાળી છે બ્રહ્માએ ગાંઠરે, છો. છે.
અઘરી છે અટપટા આંટરે, છો. છે.
ધીંગોધાગો છે આ ઘરનો, છો. છે.
ઉપાય નથી કાંઇ સહેલોરે. છો. છે.
તમ સરખો ચતુર છે કોણરે, છો. છે.
સકળ કળાના છો જાણરે. છો. છે.
નાવો મુનિના ધ્યાનમાં, છો. છે.
તે ગાયા અબળા એ ગાનમાં. છો. છે.
અરસ પરસ ઉમંગમાં, છો. છે.
રામ જાનકી બેઉ રંગમાં. છો. છે.
લૌકિક કરવા હરિ ધસ્યા, છો. છે.
ધીરાનો સ્વામી ત્યાં હસ્યા. છો. છે.

વિવેચન—લગ્નના અંતીમ ભાગમાં આક્રિયા કરવામાં આવે છે. ઇષ્ટનો સાક્ષાત્કાર થયા પછી, ભેદ બુદ્ધિ નષ્ટ થઇ, અભેદ થવાની આ પ્રક્રીયા છે. તેમાં પ્રથમ ગાંઠ કન્યાની પુરૂષ છોડે છે. જીવને ઈશ્વર માયામાંથી છોડાવે છે જીવના કર્માનુસાર આ સંસારમાં તેને ઉત્પન્ન કરનાર બ્રહ્મા (રજો ગુણ) છે. માયાથી આ સંસારચક્ર ચાલી રહેલ છે. **अघटित घटना पटीयसी माया.** ન ઘટે તેવાને પણ ઘટાવવામાં માયા ચતુર છે. તેથીજ સુરતાના દોરડાની આટી અટપટી કહેલ છે. અનેક જન્મપર્યંત ભેદ ભાવમાં ભ્રમણ કરવાથી અભ્યાસ ખુબ થઈ ગયો છે, માટે તે દોરાને જાડો કહેલ છે. પરંતુ હવે આંટી છેલ્લી છે. તેને ઊખાળવામાં પરમાત્મા સિવાય કોઈની ચતુરાઇ કામ આવે તેમ નથી. અભેદ તત્ત્વ સમજવામાં પંડિતો પણ ભૂલ ખાઇ જાય છે, તો સામાન્ય સમુહની તો વાતજ શી કરવી ? માટેજ પરમાત્માની સ્તુતિ કરે છે કે તમે સકળ કળાના જાણવા વાળા છો. મોટા મુનિયોના પણ ધ્યાનમાં આવતા નથી. છતાં અબળા (ગોપીઓ) ઓએ તમને ગાનમાં ગાયા છે. ગમે તેટલાં તપાદિ કર્યાં છતાં, મુનુષ્ય પોતાનું અભિમાન તજે નહિ, ત્યાં સુધી તમને પામી શકતો નથી. આવી સ્તુતિ સાંભળી શાન્તિનીગ્રંથી* છોડવા પરમાત્મા ધસે છે ને આનંદ થાય છે.

રાગ ઉપરનો.

છોડો છબીલી દોરડો, જનક કિશોરી.
જોર નથી કાંઈ તોરડો, જનક કિશોરી.

* શાન્તિની ગ્રંથી એટલે હું શાન્તિ પામ્યો છું. એ અભિમાન પણ ભૂલી જવાનું છે.

વાળેલ ગાંઠ વશિષ્ઠની. જ. ક્રિ.
આરાધના કરો કોઈ ઈષ્ટની. જ. ક્રિ.
સુનયના માડી તેડાવીએ. જ. ક્રિ.
તાત જનકને કહેવરાવીએ. જ. ક્રિ.
જેમ તેમ કરીને છોડીએ. જ. ક્રિ.
ના છુટે તો કર જોડીએ. જ. ક્રિ.
ઝાઝું કહે શું થાયરે. જ. ક્રિ.
અધિક અંકે ન માયરે. જ. ક્રિ.
આનંદ મંગળ જોઇને. જ. ક્રિ.
ધીરાના સ્વામી રહ્યા મોહને. જ. ક્રિ.

વિવેચન—હવે કન્યા-વૃત્તિ-પરમાત્માનો દોરડો છોડે છે. આ દોરી છોડવાના એઉપદમાં વેદાન્ત રીતેએ ભાગત્યાગલક્ષણા અથવા જહતાજહતલક્ષણા કહેલ છે.

यत्रहि विशिष्टवाचकःशब्दः एकदेशंविहाय
एक देशे वर्तते तत्र जहदजहल्लक्षणा ॥

જ્યાં વિશિષ્ટવાચકશબ્દ એક દેશ છોડી એક દેશમાં વર્તે ત્યાં જ હતા જહત્ લક્ષણા કહેવાય છે. **त्वंपद** વાચક જીવની ઉપાધિરૂપ અવિદ્યાદોરડો ને **तत्पद**વાચક ઈશ્વરની ઉપાધિરૂપ માયાદોરડો ઉભય છોડીનાખવા—બાદકરવાથી અવિદ્યાઉપહિત ચૈતન્ય ને માયાઉપહિતચૈતન્ય એકજ થાય છે. પ્રથમ ત્વંપદના શોધ પછી, તત્પદનો શોધ, તે છેલ્લો છે. ઇશ્વરની સહાયથી ત્વંપદ શોધ્યા પછી, તત્પદની ઉપાધિ પણ દૂર કરવાની જરૂર છે, માટેજ સીતા-શાન્તિ કે સુરતાને દોરડો છોડવા કહેલ છે. પરંતુ તેની ગાંઠ-

વાળનાર **વસિષ્ઠ** છે. ઉપાસના સદ્‌ગુરૂદ્વારાજ પ્રાપ્ત થાય છે, તેને છોડવા સારૂ, અભેદબુદ્ધિથી આત્માનીજ ઉપાસના કરવી જોઇએ. પરમાત્મસ્વરૂપ ઓળખવા સુનયના માતા–જ્ઞાનદૃષ્ટિ ને જનકપિતા તેનો ઉત્પાદક આત્મા, ઉભયને તેડાવવાનું કહેવામાં આવેલ છે. તેટલું પ્રાપ્ત છતાં, છોડાયતો છોડો નહીં તો હાથ જોડો. અર્થાત્ જ્ઞાન થયા પછી જ્ઞાનીને એ સ્ફુરણ ન રહેવું જોઇએ કે મને જ્ઞાન થયું છે, અગર હું જ્ઞાન જાણું છું. કારણ જ્ઞાન તો અનુભવરૂપ છે, ભિન્ન નથી. માટેજ શ્રુતિની આજ્ઞા છે કે.

यस्ता मतं तस्य मतं मतं यस्यनवेदसः ।
अविज्ञातंविजानतां विज्ञात मविजानताम् ॥

અર્થ—જે વિદ્વાનનો અભિપ્રાય એવો છે કે કર્તૃ કર્માદિવડે બ્રહ્મ જણાય તેમ નથી, કારણ કે તે ત્રિપુટી જ્ઞાનથી અગોચર છે. તે બ્રહ્મને જાણે છે. ત્રિપુટી જ્ઞાનનો બ્રહ્મ વિષય છે. એવું જાણ-નાર–માનનાર બ્રહ્મને જાણતો નથી. ભેદદર્શી હોવાથી. પ્રમા, પ્રમાતૃને પ્રમાણથી અવિજ્ઞાત છે. તેવું જાણનાર જાણે છે ને વિજ્ઞાત છે એવું માનનાર જાણતો નથી. કારણ કે **પરમાત્મા-બ્રહ્મ** દેશ, કાળ વસ્તુ પરિચ્છેદરહિત છે. માટેજ કહે છે કે વિશેષ કહેવાથી શું. જે તત્ત્વ વિશેષ છે–પરિપૂર્ણ છે તે અંક–ચિન્હ–રૂપ–માયામાં સમાયજ નહિ. અથવા જે તત્ત્વનું વર્ણન કરતાં, મન વાણી તેને ન પહોંચતાં પાછા પડે છે, તે અંક–એટલે ગણનામાં, વચનમાં આવે જ નહિ. અંતમાં વાણી વિરમી જતાં અવશેષ આનંદ રહ્યો તેમાં પરમાત્મ વૃત્તિ તલ્લીન થઈ રહી. **ૐ तत्सत्.**

રાગ. (જીવ કાયાને કહે છે–એ લય.)

પૂર્વનીતો પ્રીતિરે. પીયુ પીયુ પોકારૂં;
સત શણગાર સજિયાંરે, સ્વામી શોધવા સારૂ ૧
પહેરી પ્રેમ પટોળીરે, ચતુરાઇનો ચણીયો,
હાર હેતનો હૈયેરે, બુદ્ધિ કંચવો બનીયો. ૨
દયા દામણી તોઠારે, લગન મણી લટકે;
પહેર્યું જ્ઞાન ઘરેણુંરે, ક્ષમા ચૂડલો ખળકે. ૩
અનુભવ કેરૂં અંજનરે, આંજી આંખ અણીયાળી;
માંહે ચિત્ત કેરૂં ચંદનરે, વિવેકની બની વાળી. ૪
ગુરૂ શબ્દનો દીપકરે, લીધો કરમાં ઝાલી;
સ્વામી શોધવા સુરતારે, શૂન્ય શેરડે ચાલી. ૫
હદ મૂકીને ચાલીરે, કે બેહદ પાર પડી;
ગઇ ઇંડની પારજરે, ધણીની તો ભાળ જડી. ૬
ખોળતી હતી ખાંતેરે, ખોળંતા હુંરે ખોવાઇ;
પ્રેમે પતિ નીરખતાંરે, સ્વરૂપમાં સહજે સમાઇ. ૭
લેલુણની પૂતળીરે, ઉદક માંહી ભળી,
દાસ ધીરો સરીતારે, દયા સિંધુ માંહી મળી. ૮

વિવેચન—ઉપસંહાર. ॥ **वासुदेवः सर्वमिति समहात्मा सुदुर्लभः** ॥ સર્વ વાસુદેવ છે એમ જાણનારો તે મહાત્મા અતિ દુર્લભ છે. અભેદ ભાવના ન થાય, ત્યાં સુધી યથાર્થ જ્ઞાન થયું કહેવાય નહિ. તેમજ ભેદ હોય ત્યાં સુધી, ભય જતો નથી. શ્રુતિ પણ કહે છે કે **द्वितीयाद्वैभयंभवति** ॥ બીજાથી–ભેદથી નિશ્ચય ભય થાય છે. તેમજ સ્મૃતિકાર પણ કહે છે કે—

अविद्या मोहितात्मानः पुरुषा भिन्नदर्शिनः ।
किंतेन न कृतं पापं चोरेणऽऽत्मापहारिणाः ॥

જે અવિદ્યાવડે મોહ પામેલા અંતઃકરણવાળા ભેદદર્શી પુરૂષો છે, તે આત્માનું અપહરણકરનારા ચોરે શું પાપ કર્યું નથી? તેમજ " ભેદભાવનાથી ઉપાસના કરનાર પણ દેવનો પશુ છે, માટે અભેદ થવું જોઇએ. એકજ પરમાત્મા આનંદઘન છે. તદ્રૂપ થવા કવિ અંતમાં કહે છે કે સૂરતાને પૂર્વની પ્રીતિ છે. જીવ બ્રહ્મરૂપ છે. ભ્રાન્તિ વચમાંજ ઉભી થઈ છે. તેને ટાળી નિરતિશયસુખને સર્વ ઇચ્છે, ને શોધે છે. તેને શોધવાના સાધનો બતાવે છે. પરમાત્માજ સત્ય છે. એ રૂપ શૃંગાર છે. આત્મભાવના પટોળું છે. નીર ક્ષીરનો વિવેક કરવામાં નિપુણત્વ ચણીઓ છે. હૃદયમાં આનંદરૂપ હાર છે. બુદ્ધિ—આત્મબુદ્ધિ કાંચળી છે. દયા દામણી ને લગ્નીરૂપ મણિ છે. જ્ઞાનરૂપ અલંકાર, ક્ષમા ચૂડલો, અનુભવ રૂપ અંજન, ચિત્ત ચંદન, વિવેકવાળી, ગુરૂના શબ્દ (**तत्वमसि ॥** તે તું છે) રૂપ દીપક, હાથમાં લઈ ઉજ્જડ રસ્તા ઉપર (જગતનો અભાવ) પતિ શોધવા સુરતા ચાલી. લોકમર્યાદારૂપ હદ ને વેદાજ્ઞારૂપ બેહદથી પણ પાર જતાં, સ્વામીનો—ઇશ્વરનો પ્રદેશ આવે છે. પરમાત્માને ખોળતાં, પોતેજ ખોવાઈ જાય છે. જ્ઞાનાકારવૃત્તિ અજ્ઞાનાવરણનો ભંગ કરી, પોતે પણ સમાઈ જાય છે. ધ્યાતા ધ્યેયરૂપ થઈ જાય છે. ત્રિપુટીનો લય થતાં, જેમ સમુદ્રમાં પાર લેવાને પડેલી મીઠાનીપુતળી ગળીને સમુદ્રરૂપ થાય છે, તેમ ધીરારૂપનદી આત્મસમુદ્રમાં મળતાં નામ ને રૂપ તજી સચ્ચિદાનંદરૂપ બની વ્યાપી જાય છે અંતમાં ઉચ્ચારે છે કેઃ—

अहो पुण्य महो पुण्यं फलितं फलितं दृढं
अस्य पुण्यस्य संपते रहो वय महोवयम्
अहो शास्त्र महो शास्त्र महो गुरु रहो गुरुः
अहो ज्ञान महो ज्ञान महो सुख महो सुखम् ॥ પંચદશી

અર્થ—અહો પુણ્ય ! અહો પુણ્ય ! તે દૃઢ રીતે ફલ્યું, અને વળી ફલ્યું, આ પુણ્યની સંપત્તિથી અમે અહો, અમે અહો છીએ!!! અહો આ શાસ્ત્ર ! અહો આ શાસ્ત્ર ! ! અહો ગુરૂ ! અહો ગુરૂ ! ! અહો જ્ઞાન ! અહો જ્ઞાન ! ! અહો સુખ ! અહો સુખ ! ! ! એ આનંદમાં નિમગ્ન થયેલ જીવન્મુક્તપુરૂષને કાંઈ કર્તવ્ય રહેતું નથી.

विज्ञानामृततृप्तस्य नित्ययुक्तस्ययोगिनः
नैवास्तिकिंचित्कर्तव्य मस्तिचेन्नसतत्त्ववित् ॥

વિજ્ઞાનરૂપ અમૃતે કરીને તૃપ્ત અને નિત્ય બ્રહ્મનું અનુસંધાન કરવામાં તત્પર, એવા યોગી (આત્મજ્ઞાની) ને કાંઈ પણ કર્ત્તવ્ય નથી. ને જો તેને કર્ત્તવ્ય પ્રતીત થાય, તો તે તત્ત્વવેત્તા નથી. તત્ત્વવેત્તાને કાંઈ પણ અધિકાર નથી **ब्रह्मविद्ब्रह्मवभवति** બ્રહ્મવેત્તા બ્રહ્મરૂપ થાય છે. **निष्कलं निष्क्रियं शान्तं** બ્રહ્મ નિરવયવને નિષ્ક્રિય તથા નિર્વિકાર છે. વગેરે શ્રુતિ પ્રમાણથી બ્રહ્મવેત્તાને કાંઈ કર્ત્તવ્ય નથી. એવા પુરૂષોને માટે “ **શુકાષ્ટકમાં** ” શુકમુનિ કહે છે કે.

हेम्नः कार्यहुतवहगतं हेम मेवेतियद्वत् ।
क्षीरे क्षीरं समरसतया तोय मेवाम्बुमध्ये ॥

एवं सर्वं समरसतया त्वंपदं तत्पदार्थे ।
निस्त्रैगुण्येपथि विचरतः कोविधिः कोनिषेधः ॥

અર્થ—સોનાનું કાર્ય કડાં કુંડાલાદિ અગ્નિમાં જતાં સોના રૂપેજ થઇ જાય છે, અથવા દૂધમાં જેમ દૂધ મળી એકરસ બની જાય છે, અગર પાણી પાણીમાં મળતાં તદ્રૂપ થાય છે. તેમ ત્વંપદ (જીવ) તત્પદ (ઇશ્વર)માં મળી એકરૂપ બની જાય છે. ત્રીગુણાતીત થઈ આનંદઘન ? પૂર્ણાનંદ ! ! પરમાનંદ ! ! ! અખંડાનંદ ! ! ! બની રહે છે તેને દેહાભિમાન ન હોવાથી કાંઈ વિધિ કે નિષેધ નથી

ॐ शान्तिः शान्तिः शान्तिः ॐ तत्सत्.

संपूर्णम्

ज्ञाननिष्ठनी दृष्टि.

શાર્દૂલવિક્રીડિત.

संपूर्णं जगदेव नंदनवनं सर्वेऽपि कल्पद्रुमा ।
गांगं वारि समस्तवारि निवहः पुण्याः समस्ताः क्रियाः ॥
वाचः प्राकृतसंस्कृताः श्रुतिशिरो वाराणसी मेदिनी ।
सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परब्रह्माणि ॥

પ્રાતઃસ્મરણમ્.

વસંતતિલકા છંદ.

જે સ્વપ્ન જાગર સુષુપ્તિ પ્રકાશનારો,
છે તુર્યરૂપ સહુને ઉર સ્ફુરનારો;
આનંદ સત્ય ચિત્ એક અભેદ જાતે,
હું દેહ ભાન તજી તે સમરૂં પ્રભાતે. ૧
વાણી તથા મન ગતિથી અગમ્ય રે'છે,
જેની કૃપાથી નિગમો વચનો વદે છે;
નેતીતિ નેતિ કહી વેદ વિરામ પામે,
તે દિવ્ય તત્ત્વ મમ ઉર સદૈવ જામે, ૨
છે સર્વથી પર મિહિર[1] સમુ પ્રકાશે,
રજ્જુ અહિ[2] સમ બધું જગ દશ્ય ભાસે;
ચારૂ[3] સનાતન સમગ્ર સ્વરૂપ મારૂં,
એકાગ્ર ચિત્ત થઈ સદ્ય પ્રગે[4] વિચારૂં. ૩

દોહરો.

શ્લોક લોક ભૂષણ સમા, પવિત્ર છે કરનાર;
પ્રાતઃકાલે સમરતાં, વૃત્તિ બ્રહ્મા કાર. ૪

શ્રીસદ્ગુરુ પ્રણામાષ્ટકમ્

હરિગીત છંદ.

મૈત્રી મળી જગમાં મને બહુ, સ્વાર્થ કચરાથી ભરી,
ઘટ મૃતિકાસમ ભાગતી, સંધાય ના યત્ને કરી;
તૂટે નહિ ખૂટે નહિ, સ્વસ્વરૂપ મૈત્રી ઠામ છે,
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૧

૧–સૂર્ય ૨–સર્પ ૩–ઉત્તમ ૪–પ્રાતઃકાળમાં–સવારમાં.

કરૂણા કરી કોઈ વિત્ત દે, કોઇ ચિત્ત દે કોઈ પ્રાણ દે,
કોઇ ગાય ભૂમિ ઘર અને, વાડી વછેરા વ્હાણ દે;
પણ સ્વરૂપ આપે સ્વજનને, જે સત્ય સુખનું ધામ છે,
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૩
મુદિતા સદા મુખ ઉપરે, મલકે દુ:ખી દુ:ખ ટાળતી,
અંતર તણા આનંદની, લ્હેરો શીતળ ઉછાળતી;
એક એના બિંદુમાં આ, વિશ્વનો વિશ્રામ છે,
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૩
ઉપેક્ષ બુદ્ધિ અવગુણે પણ, ગાળીલે ગુણ રત્નને,
કર્ત્તવ્ય કાંઇ નહિ છતાં, વળગી રહે શુભ યત્નને;
ચપલ તીરથ ત્યાગીને, સ્થિર સ્તંભતીર્થ મુકામ છે,
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૪
સ્વતંત્ર કરિયું તંત્ર બુદ્ધિ, મન અને દશ ઇંદ્રિયો,
દશ પ્રાણ દેવો દશ ચતુર, અહંકાર મહાબલ જીતિયો;
સત્તા ન કોઇની જે પરે, વ્યાપક પદે વિરામ છે,
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૫
સમાન દૃષ્ટિ જેહને નિજ, આત્મરૂપ જગ ચિત્રમાં,
ગાય, બ્રાહ્મણ, શ્વાન, સ્ત્રી, ચંડાળ, શત્રુ, મિત્રમાં;
ઇચ્છે અહિત કોનું કદિ ન, હૈયે સહુની હામ છે.
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૬
નિસ્પૃહ પદે રહી તૃણસમી, નિખિલ જગવસ્તુ જુએ,
લલચાય નહિ લેવા કદિ, નિજ ભોગ બુદ્ધિથી ભવે;
ભક્ષાન્ન લાવી ભૂખ ભાગે, દેહમાં નહિ મામ છે,

તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૭

પ્રેમ ગોવિંદ પાત્ર ઉપર, રે'મથી ઢોળે ઘણો.
નેમ ત્યાં રહેતો નથી ઉદ્દાર, શ્રીસદ્દગુરૂતણો;
પ્રેમ માંહિ મગ્ન જેનું ચિત્ત આઠે યામ છે;
તે **મુકુન્દ** ચરણે દાસકેરા, પ્રેમ પૂર્ણ પ્રણામ છે. ૮

પ્રેમનિષ્ઠ બુદ્ધિએ "શ્રીસદ્ગુરુનો" કરેલો સત્કાર.

(ભ્રમરા પહેલોને વધાવો મારે આવિયો-એ લય.)

ધન્યરે અવસર આજે રૂડો આવિયો;
મારા સદ્દગુરૂ આવ્યા કરી પ્રેમરે; **મુકુંદ**મારે મન વસ્યા. ૧
સખિરે આપું આદરમાન ઉલટનાં,
મીઠા વચનના પુષ્પે વધાવું રે; **મુકું**દ૦ ૨
સખિરે આસન આપું અંતર ભાવના,
પાયે લાગીને પૂજું પ્રેમે પાદરે; **મુકું**દ૦ ૩
સખિરે ચિત્તચંદન ચર્ચું અંગમાં,
આપું હૃદયકમળના હાર રે; **મુકું**દ૦ ૪
સખિરે સર્વ સંતોને નમું સ્નેહથી,
પ્રભુ ભક્તોને સચ્ચિદા નંદરે; **મુકું**દ૦ ૫
સખિરે ગુરૂએ પધારી પાવન કર્યાં,
મારાં જન્મ જન્મનાં ટાળ્યાં પાપરે; **મુકું**દ૦ ૬
સખિરે મૂગાને મુખથી વાચા કરી,
આપ્યાં અંધને ચક્ષુઓ દિવ્ય રે; **મુકું**દ૦ ૭
સખિરે સદ્દગુરૂ પાસે માગું એટલું,
આપો સહુને અભયપદ દાન રે; **મુકું**દ૦ ૮

સખિરે ગુરૂ નિરખતાં અંતર ખીલ્યું,
જોતાં **ફુલ ચંદ્રને** ખીલે જેમરે; **મુકુંદ૦** ૯

अभेदानुरागीना उद्गार.

(કામણ દિસેછે અલબેલા તારી આંખમાં રે-એ લય.)

મુજ મન તું કયારે પ્રણવ પ્રભુમાં જશે મળી રે;
અહં મમથી ટળી રે. ટેક.

દ્રશ્ય વિષયનું ચિંતન ત્યાગી, સત્ય સ્વરૂપમાં થઇ અનુરાગી;
જડતા ભાગી, જાશે ચૈતન્યમાં કળીરે. મુજ મન૦ ૧
બાહ્ય ભ્રમણતા સર્વે ભૂલી, અંતર વૃત્તિઓ કરી સહુ ખુલ્લી;
અભેદ રસમાં, ડૂલીને રહેશે ખળીરે. મુજ મન૦ ૨
શ્રદ્ધા ચાવી લઇ અણમૂલી, હૃન્મંદિરનાં દ્વારો ખોલી;
ૐ બોલીને, જશે નાદ માંહે ગળીરે. મુજ મન૦ ૩
નિશાન જાલી નિશ્ચય કેરૂં, આશાનું ઉખાડી દહેરૂં;
કયારે કૂદશે, માયા મેરૂ ઉછળીરે. મુજ મન. ૪
વ્યવહારિક વાતોને છોડી, શમ, દમમાં નિત્ય આગળ દોડી;
નામ રૂપને, બોડી પ્રિય પદમાં ઢળીરે. મુજ મન૦ ૫
કાયરતાને કોરે મૂકી, તીવ્રેચ્છામાં તાનથી ઝૂકી;
પ્રેમાગ્નિ ફૂંકી, કયારે મરશે બળીરે. મુજ મન૦ ૬
દેહ ભાન તારૂં વિસારી, આત્મઐકયને અંતર ધારી;
લુણ વારી સમ, કયારે એક થશે ભળીરે. મુજ મન૦ ૭
નેહ નદીનું રૂપ ધરીને, મુકુંદ સાગર મધ્ય મળીને;
દ્વૈત દળીને, આનંદમાં જાશે હળીરે. મુજ મન૦ ૮

श्री गुरु शरणाष्टकम्.

वसंततिलका.

ભૂલી હરિ ભવ મહિ ભટકયો અરે હું,
જાઉં તરી સુખનિધિ કરૂણા કરે તું;
માફી કરો સરવ ભૂલ ગણી તમારો,
આપી ગુરૂ શરણ દાસ હવે ઉગારો. ૧
જોયું બહુ જનમ ધારણ મેં કરીને,
હાર્યો ઘણી વખત આમ વૃથા ફરીને;
આવ્યા નહિ ઉર મહિ તદપિ વિચારો,
આપી ગુરૂ શરણ દાસ હવે ઉગારો. ૨
માયા તણા તિમિરમાં સહજે ફસ્યો છું,
સંસારના વિષયમાં જઈને વસ્યો છું;
વેઠું ગમાર જગમાં બહુ કષ્ટ ભારો,
આપી ગુરૂ શરણ દાસ હવે ઉગારો. ૩
ધારી કદિ પરમ પ્રેમથકી ન માળા,
મિથ્યા કરી તિલક છાપ બન્યા રૂપાળા;
હૈયે ધરી કપટ ભક્ત થયો તમારો,
આપી ગુરૂ શરણ દાસ હવે ઉગારો. ૪
છે વેષ તોય પણ લાજ તમારી જાશે,
જો સ્હાય નાથ કરશો ન ફજેતી થાશે;
માટે ગણી મન થકી મુજને તમારો,
આપી ગુરૂ શરણ દાસ હવે ઉગારો.
રાશિ સદા સુખતણા મદ મોહ ભાસે,

આશા તણી બહુ પ્રભા હૃદયે પ્રકાશે;
વાધે સદા મનવિષે વિષયિ વિકારો,
આપી ગુરૂ શરણુ દાસ હવે ઉગારો. ૬
સંતો તણી સત્ સુસંગત શામ આપો,
ભક્તિ વિષે દિલ સદા પ્રભુ આપ સ્થાપો,
પામું દયા થકી હવે ભવ સદ્ય આરો;
આપી ગુરૂ શરણુ દાસ હવે ઉગારો. ૭
ઇચ્છા નથી અવર અંતર નાથ મારે,
છોડી વસું સકલ હું શરણે તમારે;
લાગે મને પરમ પ્રાણથિ તુંજ પ્યારો,
આપી ગુરૂ શરણુ દાસ હવે ઉગારો. ૮
વૃત્તિ સહુ મનતણી બહુ સ્થિર રાખી,
આશા અને મદન જાળ વિસારી નાખી;
ભાવે કરી પ્રણવરાજની પાસ ગાશે,
તે જીવરૂપ ટળી રૂપમુકુંદ થાશે. ૯

ૐ

છે સંસાર સમગ્ર બાગ સુરનો, મંદાર વૃક્ષો બધાં,
ગંગાનીર તમામ ક્ષીર જગનું, કલ્યાણકારી ક્રિયા;
વાચા પ્રાકૃત દેવની નિગમ તે, કાશી સહુ મેદિની,
સર્વે વસ્તુ જણાય બ્રહ્મમય આ, જ્યાં જ્ઞાનદષ્ટિ બની.

ૐ खंब्रह्म.

ॐ

यति मुकुन्दाश्रम तरफथी प्रसिद्ध थयेल पुस्तको.

श्रीतत्त्वादर्श (આત્મ પુરાણનો ટુંકસાર)
नवावर्षनुं बजेट (ધર્મ, અર્થ, કામ ને મોક્ષનું વિવેચન).
श्रीवेदान्तसार (મૂળ સાથે ગુજરાતી અનુવાદ)
श्रीकैवल्यकुंची (અભેદમાર્ગનો ભોમિયો)
श्रीसुरताणस्वयंवर (સુરતાણાઇના વિવાહનું વિવેચન)

ઉપરનાં પુસ્તકો શીલિકમાં હશે, ત્યાંસુધી અર્ધા આનાની ટીકીટ મોકલી આપનાર યોગ્યાધિકારીને આપવામાં આવશે.

શિરનામું. **યતિમુકુંદાશ્રમ.** મુ. ખંભાત.

" श्रीतोटकाचार्ये प्राप्त करेल "गुरुप्रसाद" नी काणिका

तोटक.

भगवन्नुदधौमृतिजन्मजले सुखदुःखझषपतितंव्यथितम् ।
कृपयाशरणागतमुद्धरमा मनुशाध्युपसन्नमनन्यगतिम् ॥

અર્થ—હે ભગવન્ ! જેમાં જન્મમરણરૂપ જળ તથા દુઃખરૂપ મત્સ્ય-માછલાં છે. તે સંસારસમુદ્રમાં દુઃખી થયેલો અનન્ય ગતિથી આપને શરણે આવ્યો નો કૃપાવડે મારો ઉદ્ધાર કરો.

विनिवर्त्यरतिंविषयेविषमां परिमुच्यशरीरनिबद्धमतिम् ।
परमात्मपदेभवनित्यरतो जहिमोहमयंभ्रममात्ममतेः ॥

અર્થ—વિષ જેવા વિષયની પ્રીતિ તજી દે. કારણ કે અસુર, નર, તીર્યંગ (પશ્વાદિ) વગેરે અનેક યોનિમાં જન્મ આપનાર છે, દેહાત્મબદ્ધબુદ્ધિનો પણ પરિત્યાગ કર. ત્યાર પછી પરમાત્મપદમાં પ્રીતિ વાળો થઇ, મોહમય ભ્રમાત્મક બુદ્ધિનો પણ નાશ કર. અર્થાત્ જ્ઞાની (સ્વરૂપ ભાનવાળો) થા. બ્રહ્મરૂપ બન. અસ્તુ ॐ.

नरस्याभरणंरूपं रूपस्याभरणंगुणो ।
गुणस्याभरणंज्ञानं ज्ञानस्याभरणंक्षमा ॥

અર્થ—મનુષ્યનો અલંકાર રૂપ છે, રૂપનો શૃંગાર ગુણ છે;
ગુણની શોભા જ્ઞાન છે, જ્ઞાનનું ઘરેણું ક્ષમા છે.

ॐ तत्सत्.